# <u>પ્રકરણ</u>

# <u>૫</u>

**(પ્રકૃતિવિષયક દુહા )**

*પ્રસ્તુત પ્રકરણમાં પ્રકૃતિ વિશેના દુહાઓનું વર્ગીકરણ આપ્યું છે. જેમાં અનુક્રમે દુહા સૂર્યના, ઋતુના, પ્રદેશોના, નદી અને સમુદ્રના, વૃક્ષોના, પ્રાણીઓના, પક્ષીઓના મૂક્યા છે.*

## <u>(5.1)દુહામાં સૂર્ય</u>

*ઋગ્વેદમાં સૂર્યને ભગવાન ગણીને પૂજા કરી છે. સૂર્ય એ પ્રત્યક્ષ દેવ છે. પૃથ્વી પરનું સમગ્ર જીવનએ સૂર્યને આભારી છે એટલે જ સૂર્યને સૂર્યનારાયણ પણ કહે છે. ગુજરાતમાં ક્ષત્રિયોના સૂર્ય ઉપાસક દેવ છે. વેદકાળથી જ સૂર્યની ઉપાસના કરવામાં આવે છે. ગાયત્રી મંત્ર એ સૂર્ય ઉપાસનાનો મંત્ર છે એ જ રીતે ગુજરાતીમાં સૂર્યસ્તવન લખાયું છે. સૂર્યસ્તવનમાં ભગવાન સૂર્યનારાયણની પ્રશસ્તી કરવામાં આવે છે. જેમ કે સૂર્યને ઊગવાનું આળસ નથી, સૂર્યના ઊગવાથી જ પૃથ્વી પર વાયુ વાય છે, સૂર્યના ઊગવાથી અંધકાર દૂર થાય છે, સૂર્ય સિવાય પૃથવી પરનો અંધકાર બીજું કોઈ દૂર પણ કરી શકતું નથી, સૂર્યોદય થતાંની સાથે જ ચોરોનો ભય ઓછો થઈ જાય છે. સૂર્યનારાયણ તમે તો અમારા સમગ્ર જીવનનો આધાર છો, તો અમે જીવીએ ત્યાં સુધી અમારી પત રાખજો.*

*ભલો ઉગા ભાણ, ભાણ તુંહારા ભામણા;*
*મરણ જીયણ લગમાણ, રાખે કશ્યપ રાઉત.* 01

*ઊગ્યાની આળસ નઈ; ઊગવું ઈ અચૂક;*
*ચળુ પડે નઈ ચૂક, કમણો કશ્યપ રાઉત.* 02·[૧]

*સૂરજને શેષ નાગ, બે તડોવડ કહેવાય;*
*એકે ધરણી શર ધરી, બીજો ઊગે વાણું વાય.* 04

*તેજ પંજર તિમિટ ટળણ, ભયા કાશપ કુળ ભાણ;*
*મમલાં વેળા આપને, રંગ હે સુરજ રાણ.* 05

*કીં દાદર કીં ડાકલા, કીં પૂજવા પાખાણ;* ·[૨]
*રાત ન ભાગે રાણ, કમણે કશ્યપ રાઉત.* 06

---

·[૧] *ઊગવું અચૂક, ઊગ્યાનું આળસ નહિ;*
*ચળુ ન પડે ચૂક, કદીએ કશ્યપ રાઉત.* 03

·[૨] *કે દીવા કે ડાકલાં, કે પૂજે પાખાણ;*
*રાત ન ભાંગે રાણ, કમણે કશ્યપ રાઉત.* 07

દણીયલ જેવા દીકરા, કાશ્યપ જેડે ન કોય;
લખદળ ભંજણે લોય, ઉગે ને અંજવાળો કરે. 08[૧]

સૂરજ પ્રત્યક્ષ દેવ હે, નર પૂજે પાખાણ;
ઈશર કે ઉમિયા સુણો, અંતા લોક અજાંણ. 10

સામ સામા ભડ આખડે, ભાગે કેતા ભરમ;
તણ વેળા કાશ્યપ તણા, સુરજ રાખજે શરમ. 11

તારા અજવાળા તણો, મેમા કાંઉ મા'રાજ;
આરણું ચારણ આજ, કીંર કાશ્યપ રાઉત. 12

તું ઉગા ટળિયા તિમિર, ગૌ છુટા ગાળા;
તસકર ભે ટાળા, દીનકર કશ્યપ રાઉત. 13[૨]

સુરજ સાંભળતલ થયો, જગતની રાવજ કે;
ચારણ છાશ પખે, કીરે કાશ્યપ રાઉત. 15

અવની ઉગંતા અચૂક, અમણો તું આધાર;
ઝાલરનો ઝણકાર, દિ વેળા કાશ્યપ રાઉત. 16

સૂરજ સખાતેં હોય, તો ચહુદશ લખમી ચરે;
નાખ્ય ન ચડે કોય, દોખી કશ્યપ દેવાઉત. 17

બિના કહેસે સતપુરુષ, પૂરે પૂરકી આશ;
કૌન કહત હૈ સૂર્યકો, ઘરઘર કરત પ્રકાશ. 18

---

[૧]કશ્યપ જેહડા ન કોય, દણીહણ જેહડા;
લખદળ ભાંગે લોય, ઊગે ને અજવાળા કરે. 09

[૨]તું ઊગે ટળિયાં તિમિર, ગૌ છૂટા ગાળા;
તસગર ભે ટાળા, દનકર કશ્યપ દેવાઉત. 14

## (5.2)દુહા ઋતુના

*કુદરતે માનવજીવનમાં અલગ અલગ અનુભવ થાય તે માટે ત્રણ ઋતુઓનું ચક્ર બનાવ્યું છે. વર્ષની ત્રણ ઋતુઓ શિયાળો, ઉનાળો અને ચોમાસુ. ત્રણેય ઋતુઓમાં જીવન એક અલગ જ અનુભવ કરે છે. ચોમાસામાં ખીલી ઊઠતી પ્રકૃતિ અને વસંતમાં પ્રણયને ઝંખતા સજીવમાત્ર, શિયાળની કાળજાને કંપાવતી ઠંડી અને ઉનાળાના લાંબા દિવસોનું જીવનમાં એક આગવું જ મહત્ત્વ છે. પ્રત્યક ઋતુ પોતાની આગવી મીઠાશ લઈને આવે છે. જેમ જીવન એક સ્વાદથી કંટાળી જાય છે તેમ કદાચ જો આ ઋતુઓનું ચક્ર ન હોત તો કદાચ જીવનનો આટલો આનંદ પણ ન હોત. પ્રકૃતિ હંમેશા જીવનમાં એક નવો આનંદ પ્રેરતી રહે છે.*

### (૫.૨.૧) શિયાળાના દુહા

*શિયાળાના ચાર માસ, ટૂંકા દિવસ અને લાંબી રાત્રી. આ લાંબી ઠંડી રાત્રીઓ પ્રિયપાત્રની યાદને હૃદયમાં પ્રબળ રીતે જગાવી જાય છે. એકમેકના આલિંગનમાં પડી રહેવું ગમે એવી શિયાળાની રાતમાં પ્રિયતમની યાદ વધારે ને વધારે તીવ્ર બને છે. ચોમાસુ ઘરે ગાળીને પરદેશ જવા નીકળેલા પ્રિયતમને નાયિકા પરદેશ જવા દેવા નથી માગતી. નાયકનું પરદેશ જવું અને નાયિકા દ્વારા નાયકને રોકવાની મથામણના સુંદર દુહાઓ મળે છે. જેમાં શિયાળાની ઋતુમાં યુવાન પ્રેમીઓના ભાવને રજૂ કરવામાં આવ્યા છે.*

*કાર્તિક મહીના માંય, સઉને શિયાળો સાંભરે;*
*તેની ટાઢડીયું તનમાય, ઓઢણ દે આભાપર ધણી.* [19]

*માગશરમાં માનવી, સૌના એક જ શ્વાસ;*
*તે વાતુંનો વિશ્વાસ, જાણ્યું કરશે જેઠવો.* [20]

*પોશ માસની પ્રીત, જાણ્યું કરશે જેઠવો;*
*રાણા રાખો રીત, વાત દઈ બરડા ધણી.* [21]

*માહ મહિને પરણે માનવી, ઢોલ ત્રંભાળુ ઢ્રુસકે,*
*લગ્ન ચોખાં લઈ આવો, તો વધાવું વિણુઈધણી.* [22]

*કાર્તકિ નિહ દઉં ચાલવા, કામની કરજોડ;*
*અબળા મન ઉલટ ઘણી, ઊઠી આળસ મોડ.* 23

*કાર્તકિ નહિ દઉં ચાલવા, શીળા થયા પરવેશ,*
*પિયુ પસ્તા થઈ રહ્યા, અબળા બાળે વેશ.* 24

*ચિત્તમાં ચોડો લાગિયો, તરવર પાકયાં તીર;*
*એ રાતે ઠાકર ચાલિયા, નયણે ઢળિયાં નીર.* 25

*કાર્તક મહિને ચાલશું, અબળા મેલો વાદ;*
*સાથીડા સોંઢાવશુ, ચાલશું અમે પ્રભાત.* 26

*કાર્તક માસે ચાલશું, કેમ કરો કલ્પાંત;*
*કાલ પાછા ઘર આવશું, હૈડે હરખ ધરંત.* 27

*કુંકમના કરી ચાંદલા, સૈયર વધાવા જાય;*
*હેતે પ્રીતે આવજો, ખેમકુશળ ઘરમાંય.* 28

*માગશરે નહિ દઉં ચાલવા, અબળા બાળે વેશ;*
*વ્રેહ તે વાર્યું ના કરે, પિય કાં ચાલો પ્રદેશ.* 29

*માગશર માસે અમો ચાલશું, અબદા ઘો આશીશ;*
*શુભ શુકન જોવરાવશું, તમે હૃદયે ન ધરશો રીશ.* 30

*આઘે ઓરડે પોઢતા, નથી ચાલ્યાના મોખ;*
*એ રતે નહિ દઉ ચાલવા, ઘેર ગાળો મહિનો પોષ.* 31

*પોષ માસની પ્રીતડી, ટાઢ તે કેમ ખમાય;*
*અબળા ઝૂરે એકલી, રાતલડી નવ જાય.* 32

*પોષ માસે અમે ચાલશું, તાણી ભીટયા તંગ;*
*અબળા મન આરત ઘણી, પિયુ મળવા ઉછરંગ.* 33

*પોષે પ્રીત ન વિસરીયે, સુખે કરિયે પરિયણ;*
*ચિત્ત ચોળો નવ ઘાલિયે, તમે માનો તેની આણ.* [34]

*માહ માસે નહિ દઉ ચાલવા, તમે તરુણીનાં તેજ;*
*ભ્રમર ભોગી સાયબા,(આપણે) રંગભર રમશું સે'જ.* [35]

*કામિની કે' હું કેમ રહું, એવો માહ એક માસ;*
*પિયુ સંગાથે પ્રીતડી, રંગભીના રહ્યા આવાસ.* [36]

*જીવશે તે તો જાણશે, જોબન થાશે વિનાશ;*
*એ રત ઠાકોર ચાલિયા, રત થઈ ખટ માસ.* [37]

*માહ માસે અમે ચાલશું, મેગળ બાંધ્યા બ્હાર;*
*ઉંટ આથર ભીડિયા, કામની સજે શણગાર.* [38]

*સખિયો સહુ આવી મળી, લાવી ચોસર હાર;*
*તિલક કરી પે'રાવતી, હૈયે હરખ અપાર.* [39]

*શિયાળે ટાઢ્યું સોપટે, હાલે હિમાળા;*
*વસતા ઘર વસિયો નહિ, કે'દી કુંચાળા.* [40]

## (૫.૨.૨) ઉનાળાના દુહા

*સૂર્યનો આકરો તાપ તપતો હોય દિવસ આખાની ગરમી રાત્રે ઠંડા પવનમાં ભુલાઈ જાય એવી ઉનાળાની ઋતુ. ઉનાળામાં પણ જ્યારે વસંતનું આગમન થાય ત્યારે પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠે. સજીવ સૃષ્ટિમાં સર્વત્ર કામદેવનું રાજ્ય વ્યાપી જાય. પ્રાણી માત્ર પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરતા હોય ત્યારે માણસ પણ આમાંથી કઈ રીતે મુક્ત રહી શકે. વિયોગી નાયિકાના હૃદયને આ ઋતુમાં ક્યાંય શાંતિ મળતી નથી. નાયકની ગેરહાજરીમાં નાયિકાના મનોભાવોને રજૂ કરતા સુંદર દુહાઓ મળે છે. નાયિકા જુદા જુદા આલંબન દ્વારા નાયકને પોતાના મનોભાવ બતાવે છે.*

*ચઈતર માસે છેહ, ડોલરિયા દઈએ નહીં;*
*ખંતિલા ખબરૂં લે, વિજોગ વિણુંઈના ધણી.* [41]

*વૈશાકે વનમાંહી, આંબે સાખ ઉત્તરે;*
*(તે) તમ વિન (અમણે) કરમાય, વિજોગ વિણુંઈના ધણી.* 42

*જેઠ મહીનો જાય, તેનો ધોખો ધરિયેં નહીં;*
*પુંછલે પરોણા ખાઈ, જીવન વિનાં જેઠવા.* 43

*ફાગણ માસે ફૂલ, લાગે અતિ રળિયામણાં;*
*તેનાં મોંઘા થાય મૂલ, વિજોગ વિણુંઈના ધણી.* 44

*જેઠ મહીનો જે જાય, ધ્રુવ ત્રુઠી ધેણું નથી;*
*પુછ્લેલ પરોણા ખાય, જીવન વોણા જેઠવા.* 45

*જેઠ મહીનો જે જાય, તેનો ધોખો ધરિયે નહી.*
*કયાંક અસાડ ઊતરી જાય, તો વિમાસું બરડાના ધણી.* 46

*ફાગણે નહિ દઉ ચાલવા, કામનિ કે' સુણ કંથ;*
*અબિલ ગુલાલ ઉડાડશુ, રમશું માસ વસંત.* 47

*ફાગણ માસ ફરકિયો, કેસુ(કેસુડો) કરે કલોલ;*
*જેમ જેમ વાવાન સાંભરે, તેમ નેણાં કુમકુમ લોળ.* 48

*જળવટ ગયા કેમ વિસરે, તરવર પોચ્યા કંથ;*
*એ રત ઠાકર ચાલિયા, સૂના રહ્યા વસંત.* 49

*ચૈતરે નહિ દઉ ચાલવા, ધુપ પડે લૂ વાય;*
*દમશ મરવા કેતકી, કામિની કંઠ સુહાય.* 50

*ચૈતર માસની છાંયડી, ચંપક મોરી જાય;*
*ચુવા ચંદન અગ્રાજા, મુજ અંગ ન તેલ સુહાય.* 51

*ચૈતર ચમકો મોરિયો, મોર્યા દાડમને દ્રાખ;*
*આંબે સૂડા ચગમગે, કોયલ શરૂવે સાદ.* 52

લાખ લઈને સાટવો, એટલી મુજને હાણ;
ટચલી આંગળીની મુદ્રિકા, મળી આવે ગોરાંદે બાય. 53

ચૈતર માસે ચાલશું, પાદર મોરી જાય;
સાથી જુવે છે વાટડી, હઠ મૂકો પ્રાણધાર. 54

વૈશાખે વન મોરિયાં, મોરી છે દાડમ ધ્રાખ;
મોરી તે મરવા કેતકી, મોરી તે આંબે સાખ.55

કોયલડી કલરવ કરે, વનમાં તે અતિ ભીડ;
એ રત ઠાકર ચાલિયા, હૈડે જોબન પીડ. 56

વૈશાખ માસે ચાલશું, સળેખાનાં કાઢયા બા'ર;
ઘોડે જીન માડિયાં, હૈયાં અનઝો ન વાર. 57

ધુપ પડેને તન તપે, જાલમ મહિનો જેઠ;
એ રત કેમ ચાલશો, ગોરી ઉભી છજાં હેઠ. 58

જેઠ માસના જળ ભલાં, ભલાં તે આંબા વંન;
ભલી તે સાજન ગોઠડી, ભલાં તે ફોફળ પંન. 59

આગે પંડિત ભાખતા, જોશી તે જોતા જોશ;
નાવલો તમારો આવશે, કદી ન ધરશો રોશ. 60

જેઠ મહિને ચાલશું, આંબે પાકી શાખ;
અનેક ફળ તે ફાલશે, મીઠાં દાડમને દ્રાખ.61

ફાગણ આયો હે સખી, વસિયલ અંગ દહંત;
મેરા પિવ પરદેશમેં, કૈસે ખેલું વસંત !62

આલી ગુમાન છાંડકે,ઊઠકર ખેલો ફાગ;
કલ પછતૈહો બહાવરી, ફિર નહિ એસા ફાગ. 63

*પિવ બિન જો રંગ ડારીએ, લાજત બનકે ફાગ;*
*મૈં સોહાગન શ્યામકી, ક્યોં નહિ લાજત ફાગ?* 64

*તેરા પિવ પરદેશ મેં, ખેલે આનસુ ફાગ;*
*તું યહાં રોવત બહાવરી, વહ તેરા બડ ભાગ.* 65

*પાટણ પ્રીત બિલાઈયા,ઊઠ ગયો ફાગ વસંત;*
*અબ તો પિયાકે દરશન બિન, વસિયલ અંગ દહંત.* 66

*ઉનાળે અગની ઝરે, પંથ કરવા પાળા;*
*વસતા ઘર વસિયો નહિ, કે'દી કુંચાળા.* 67

## (૫.૨.૩) ચોમાસાના દુહા

*ચોમાસાને ઋતુઓની રાણી કહેવામાં આવે છે. વરસાદમાં તમામ સૃષ્ટિ નવું જીવન મેળવે છે. વરસાદની રાહ જોતી સમગ્ર સૃષ્ટિ, વરસાદને વરસવા માટે વિંનતી, વરસાદનું આગમન, વરસાદ અને જનજીવન, વરસાદ અને પક્ષીસૃષ્ટિ, વરસાદની આગાહીના વરતારા અને વરસાદ ન પડે તો દુષ્કાળ. વરસાદ વિશે કવિતા ન મળતી હોય તેવી ભાષા નહીં મળે. તમામ કવિઓએ પોતાની આગવી રીતે વરસાદને લાડ લડાવ્યા છે. લોકસાહિત્ય તો સંઘોર્મિ છે. વરસાદ માટેની તાલાવેલીનાં સુંદર ગીતો, કથાઓ અને દુહાઓ મળે છે. જે અહીં ક્રમશઃ મૂકવાનો પ્રયત્ન કર્યો છે.*

### (૧) વરસાદને વિંનતીના દુહા

*ઉનાળાની કાળઝાળ ગરમીથી ત્રાસેલી સૃષ્ટિ એકઅવાજે વરસાદને વરસવા માટે પોકાર પાડે. ધરતીનો અણુએ અણુ વરસાદ માટે ઝંખે, ખેડૂતો ખેતરો તૈયાર કરી વરસાદની રાહ જુએ, મોર પોતાના ટહુકામાં વરસાદને વરસવા માટે આહ્વાન આપે છતાં પણ વરસાદ ન આવે તો લોકો વરસાદને વરસવા માટે વિંનતી કરે - પ્રલોભન આપે અને વરસાદનો મહિમા ગાય જેમાંથી વરસાદની સૃષ્ટિમાં કિંમત સ્પષ્ટ થાય છે. તેના સુંદર દુહાઓ મળે છે. વરસાદથી સૃષ્ટિ નવું જીવન પ્રાપ્ત કરે, વરસાદ તો અન્નદાતા છે, વરસાદના પાણીથી જ ખેતી થાય, સૃષ્ટિ પર વરસાદનું સ્થાન અન્ય કોઈ લઈ પણ શકતું નથી એ ભાવના સુંદર દુહાઓ મળે છે. અંતે કવિ વરસાદ માટે ઘર પણ*

*તૈયાર કરાવે - પર્વત કોરીને ઘર, આભના મોભ અને વીજળીનો દીવો કરી વરસાદ આવે તેની રાહ જોવાય છે.*

*કૃષિ જગ નીલી કરો, સજી ઘટા ઘનસાર;*
*વાટ જુએ છે વિશ્વમાં, આવો અન્નદાતાર.* 68

*ઝાકળના જળથી, ધરતી નો ધરાય;*
*નવખંડ નીલો થાય, મેની ધારાએ માંડલિક.* 69

*ડુંગર કોરાવી ઘર કરું, આભનાં કરું કમાડ;*
*વીજળીનો કરું દીવડો, મર વરસે મેઘ મલાર.* 70

*કોસ કાઢીએ ક્રોડ, પાણી એક વીઘો પીએ;*
*નવખંડ નીલો થાય, મેની ધારાએ માંડળિક.* 71

*અષાડ કોરો ઊતર્યો, મલય પતળ્યો મેહ;*
*દિલમાં ટાઢકું દે, તો જીવ લાંભે જેઠવા.* 72

*શ્રાવણ મહિનો સાબદો, જેમ તેમ કાઢયો જેહ;*
*તમવણ મરશું મેહ, ભેળા રાખો ભાણના.* 73

*હાથી પુછલ્યો હોય, તેને કેમ ઉઠાડિયે;*
*મનમાં વિચારીજો, ભાદરવો જાય ભાણના.* 74

*આશો મહિને અમે,(શું) રાણા લાલચ રાખિયે;*
*ત્રોડી નિસર્યા તમે, અમથી ન જિવાય જેઠવા.* 75

*જેઠ કોરો જાય, ખંડમાં ખટકે નહીં;*
*અષાઢ એક દી જાય, વસમો લાગે વેરડા.* 76

*મે તું તો મેહ, વૂઠે વનસ્પતિ વળે,*
*ઝાકળને જામે ભોમ નો પાકે ભાણના.* 77

*દાબળનાં દાઝેલ પણગે પાલવીએ નહિ,*
*એક વાર એલી કરે ! વન કોળે વેણુ-ધણી.*[78]

*નાણે દાણે નવ મળે, નારી છાંડે નેહ;*
*(કાં) વીજળીએ વળૂંભિયો, (કાં) માંદો પડયો મેહ.*[79]

*ઊંચે સળગે આભ, નીચે ધરતીના ધડા;*
*ઓલવવાને આવ, વે'લો ધાંત્રવડા ધણી.*[80]

*મા તણાવ તું મેહ! તારાં વેઠયા નહિ વરતીએ;*
*(એક)સગપણ ને સ્નેહ તારા તાણ્યે તૂટશે.*[81]

*વણ સગે વણ સાગવે, વણ નાતીલે નેહ;*
*વણ મમાવતરે જીવીએ, તું વણ મરીએ મેહ.*[82]

*ચોમાસાના ચાર, ધરા ઘરપતિ રીઝતી;*
*મેહુલિયે મદાર, રાજા જેટલો રાંકને.*[83]

## (૨) વરસાદનું આગમન - વરસાદની રમઝટના દુહા

*વરસાદનું આગમન થતાં જ આખી સૃષ્ટિ નવપલ્લવિત થઈ જાય છે. આખી સૃષ્ટિમાં એક સંગીત ગુંજવા માંડે છે. ધરતી લીલા રંગની ચૂંદડી ઓઢી લે, પક્ષીઓ અને પ્રાણીઓ આનંદમાં આવી કલરવ કરે અને લોકો નવા કાર્યની અંદર જોડાઈ જાય છે. વરસાદ વરસવા માંડે પછી સતત સાત સાત દિવસની હેલી જામે ત્યારે આખી સૃષ્ટિ પાણી પાણી થઈ જાય. ઘોડેસવારો પોતાનો પ્રવાસ અટકાવીને પોતાના ઘરે રોકાઈ જાય, મોર મધરા-મધરા ટહુકા કરવા માંડે અને પ્રેમીઓ પોતાના પ્રિય પાત્ર માટે ઝૂરવા લાગે. સંસારીઓ એકબીજાની અંદર ખોવાઈ જાય. વરસાદની હેલીમાં ધરતી અને આકાશ એક થઈ જાય તેમ સમગ્ર સૃષ્ટિ પણ વરસાદના નશામાં ચકચૂર થઈ જાય. તે ભાવના સુંદર દુહાઓ મળે છે.*

*ડ્રાંઉ ડ્રાંઉ દાદુરા, ઘાટા પાણી ઘૂઘવે;*
*પૂરે પપૈયા સૂર, ભડ વાજાં વરસાદના.*[84]

*ઉલટિયો ઉત્તર દિશ, ગાજ્યો ઘોર ગંભીર;*
*મારુ ઢોલો સાંભર્યો, નેણે ખૂટયા નીર.* 85

*બડકત તડકત બીજલી, ધડકત કડકત ગાજ;*
*કોપ કરી આવે ઘટા, આ કુણ ઉપર આજ.* 86

*જળ સંગ્રહક રતનાર, પથરાયો પૃથ્વી પર;*
*મેઘ મહા દાતાર, મહી ચઢી ગરજે મુગલા.* 87

*આભે ધારાળા કાઢીઆ, વાદળ ચમકી વીજ;*
*રૂદાને રાણો સાંભર્યો, આવી અષાઢી બીજ.* 88

*ઈન્દ્રધનુષ તાણિયાં અજબ, ચાતક ધૂન મનભાવ;*
*બીજ ન પાવૈ બાદલાં, રસિયા ભજ જમાવ.* 89

*ઊઠ ઘટા ઓત્તરદા સોં, ચંદ્રકલા છિટકાત;*
*મન ઉમાયો મરૂધરા, વાહુ ચંગી બરસાત.* 90

*બીજલિયાં અંબર ચલી, મહી બૂઢા મેહ;*
*બોલન લાગાં દાદરાં, સાલન લગ્ગા સ્નેહ.* 91

*આભાં ગડે વીજાં ઝબે, પવન ઉડાડે ખે;*
*જગત બધાને જીવાડવા, મહીપત આવ્યો મે.* 92

*આભાં ગડે વીજાં ઝબે, મોરાં કરે મલ્હાર;*
*જગ બધાને જીવાડવા, આવ્યો મેહ ઉદાર.* 93

*ઓત્તર ખંડ અંધારીઓ, બારે મેઘ વરસાય;*
*જેને આયે જીવીયે, કાળો મે કે'વાય.* 94

*મોર શોર કર કર મસત, તરવર બૈઠયા જાય;*
*ઘન વૂઠે ઘૂટે ઘટા, મો તન ઊડે હોય.* 95

*કોયલ કરે ટહુકડા, પપીહા કરે પુકાર;*
*ઘનઘોર અંબર ઘુમડિયો, ઘરઝર મેહાધાર.* [96]

*શ્રાવણ વરસણ આવિયા, ધરતી રંગ સુરંગ;*
*ઘર બેઠાં મજલસ કરો, હરિયાં ચરે તુરંગ.* [97]

*મેહુલા વરસણ આવિયા, ધરતી સજે શણગાર;*
*પેરણ નીલો કંચવો, ઓઢણ મેઘમલાર.* [98]

*વિંઝાતી વનરાઈ, નીતરી પલ્લવ પાંગર્યા;*
*ઘોંરભી ઘુઘવાય, અષાઢ એલાડું જતાં.* [99]

*અતઘણ ઉનમ આવિયો, ઝાઝી રીઢ ઝડવાપ્ય;*
*બગહી ભલાજ બાપડા, ધરણ ન મેલ્હ ઈ પાય.* [100]

## <u>(૩) વરસાદમાં માનવજીવનના દુહા</u>

*વરસાદ એ જીવનનો ઉન્માદ લઈને આવે છે. ઉનાળાના ધોમધખતા તાપમાં ત્રસ્ત થયેલું માનવજીવન વરસાદના આગમનની સાથે જ નવપલ્લવિત થઈ જાય છે. ધરતીમાંથી બીજાંકુરો નીકળી આવે, ખેડૂતોને નવું કામ મળે, સફર પર ગયેલાં વહાણો પાછાં ફરે અને પ્રવાસે ગયેલા મુસાફરો વરસાદ આવતાં ઘરે પાછા આવી જાય. પહેલા વરસાદના લીધે મહોરતી સુગંધની જેમ જીવનમાં પણ ફરી નવી સુગંધ મહોરી ઊઠે.*

*યુવાન પ્રેમીઓ વરસાદમાં એકબીજાની નજીક આવે, પતિ-પત્ની પ્રેમના રંગે રમે પણ જેનો પતિ પરદેશ ગયો છે અને હજી પરત નથી આવ્યો તેવી સ્ત્રી માટે તો વરસાદ મૃત્યુનો સંદેશ લઈને આવે છે. એટલે જ નાયિકા વરસાદને ઉદ્દેશીને કહે છે, 'હે વરસાદ મારો પતિ હજુ આવ્યો નથી ત્યારે આ વીજળીને તો શરમ નથી આવતી પણ તું તો મારા પર દયા કર.' કે પછી કોટ ઉપર મેઘ ગાજવા માંડ્યો અને ચિત્તમાં પ્રિતમની ઝાંખી થવા માંડી આ ભાવના સુંદર દુહાઓ મળે છે.*

*ગહ ઘુમી, ઘુમી ઘટા, પાવસ ઉલટ્યા પૂર;*
*સાવણ મહિને સાયબા, કદિ ન રાખું દૂર.* [101]

*ભાદરવો રતમાં ભલો, ભલી વૃખા વરસંત;*
*સાજણ આવે સાંભરી, હૈયું અમ તલસંત.* 102

*ફોજ ઘટા ખગ દામિની, બુંદા બરસી મેહ;*
*આજ એકલી પિયુ વિના, મારણ આયો મેહ.* 103

*ચઢી અષાઢી વાદળી, ઢોલો ચડિયો ચિત;*
*વર્ષા વરસે બુંદ બુંદ, આસું વરસે નિત.* 104

*વીજળિયાં લજી નહિ, મેહા તું તો લજ;*
*સેજ સૂની સંગ્રામ પિય, મધરો મધરો ગજ.* 105

*આભાં ગડિયા તંબુ જરિયા, હલકર ભરિયા હોજ;*
*કામન કંથ ચિતારિયા, શીખ દોને સીસોડ.* 106

*શિયાળે ભલો માળવો, ઉનાળો ગુજરા,*
*ચોમાસું સોરઠ ભલો, બરડો બારે માસ.* 107

*સાવન આયો હે સખી, ઝાડવે નીર ઝરંત;*
*અણરત મહિયર મોકલે, કઠણ હૈયારો કંથ.* 108

*નદિયાં નાળાં નિર્ઝરણ, પાવસ ચઢીઆં પૂર;*
*કરહો કાદવ તિલક રખે, પંથી પૂગલ દૂર.* 109

*ધનુષ ચડાવે સોધરા, ઈન્દ્ર કહાવૈ આણ;*
*કરે ન સાવણ માસે, પંથી પંથ પ્રયાણ.*110

*નાળાં નદિયાસું મિલૈ, નદિયાં સરવર જાય;*
*વિરછાં સું વેલા મિલૈં, ઐસી સહી ન જાય.* 111

*સાવણ આયો સાયબા, હરિયા હરિયા વન;*
*હરિયો હુઓ ન એકલો, પ્યારી ઘણરો મન્ન.* 112

*સાવણ લાગાં સાયબા, ગાણા- માણાં રંગ;*

આણાં ઘર જાણાં નહીં, કાણાં બાંધ તુરંગ. 113

ચોમાસે ડોડી ચૂવે, પાણી પરનાળાં;
વસતા ઘર વસિયો નહિ, કે'દી કુંચાળા. 114

વીજળિયું વારણા લીએ, મદછક નાચે મેહ;
અશ્વ નચાવી આવશાં, જદ જાણુંગી નેહ. 115

આભાં ગડે ઘન ઘુઘવે, ઘૂઘવે પૂરને નેહ;
પૂર તરીને આવશાં, જદ જાણુંગી નેહ. 116

સખી ચોમાસું આવિયું, ચોમાસાના મૈના ચાર;
ઊંચી મેડી ઊજળી,(જેના ઘરમાં) પાતળ-પેટી નાર. 117

મોટે પણગે મેહ આવ્યો ધરતી ધરવતો,
અમ પાંતીનો એહ ઝાકળ ન વરસ્યો જેઠવા. 118

ગરના ડુંગર જાગિયા, ફરકયાં વેણુ વન;
મેહ તમારું મન બકોળ થ્યું બરડા ધણી. 119

કોટે મોર કણુંકિયા, વાદળ ઝબૂકી વીજ;
રૂદાને રાપો સાંભર્યો, આવી અષાઢી બીજ. 120

ઊંડો ગાજે દુર ખિવે, વરસે દેશ વદેશ;
ગોરી ભીંજે ગોખમાં, પિયુ ભીંજે પરદેશ. 121

પર્વત મોરા ગોકીયા, તરૂવર પાલવીયાં;
સૃષ્ટિ બની સોહામણી, સજન સાંભરિયાં. 122

નદિયું નાળાં જલ ઝરણ, પંથ જ પુંગલ સાજ;
કરલો કાદવમાં કળમળે, પંથ જ પુંગલ દૂર. 123

ઝરણ ઝરે ને તન તપે, બીજ કરે ચમકાર;

એ રતમાં કેમ ચાલશો, પિયુ આવ્યો અસાડ. 124

અસાડ માસ ભલ આવિયો, ગરવા વરસે મેહ;
બપૈયા પિયુ પિયુ કરે, ને કાયર કંપે દેહ. 125

એક અંધારી ઓરડી, દુજો વીજ ચમકાર;
એટલાં વાનાં તો ભલાં, જો સેજે ભરતાર. 126

અસાડ માસે તે ચાલશું, ગાજે વીજ ઘનઘોર;
બપૈયા પિયુ પિયુ કરે, મીઠા બોલે મોર. 127

શ્રાવણ માસે નહિ દઉ ચાલવા, ભીંજે તંબુ દોર;
ડુંગર તંબુ તાણિયા, ઝીણા ટૌકે મોર. 128

શ્રાવણ માસની સુંદરી, ઉભી સરવાર પાળ;
વેણ રાખડી સમારતી,(ને) મોતી ઝાકઝમાળ.129

લીલાટ ટીલડી શોભતી, કંઠ એકવળ હાર;
સોળ વરસની સુંદરી, જુવે નાવલિયા વાટ. 130

ડુંગરિયા દશ આંગમાં, મારગ વસમો ઘાટ;
ગોખ ઉભી ગોરડી, જોય વા’લાની વાટ. 131

શ્રાવણ માસે ચાલશું, નવી આવી છે સાળ;
ઈશ્વર પાર ઉતારસે, ઘેર આવીશું કાલ.132

ઘન ગજે અમૃત ઝરેપ પિયુ મળવાની આશ;
એ રતે કેમ ચાલશો, અબળા મન ઉદાસ. 133

ભાદરવો ભર્તા વિના, દોહલા દિવસ ન જાય;
દહિને દૂધ અતિ ઘણા, તેના સ્વાદ મનમાંય. 134

સખર અંબર છાયલો, ગરૂવા વરસે મેહ;

*એ રત ઠાકર ચાલિયા, દુઃખે તે દાઝે દેહ.* 135

*ભાદરવે અમે ચાલશું, જોશીએ જોયા જોશ;*
*પારકા પટા લખાવિયા, તમે હૃદયે ન ધરશો રોશ.* 136

*આસોમાં નહિ દઉં ચાલવા, નવ દહાડા નવરાત,*
*દશમે દશરા પૂજશું, કાળી ચૌદશની રાત.* 138

*આસો માસ દિવાળીનાં, ઘરઘર મંગળ થાય;*
*ઉઠો સૈયર સુલક્ષણી, આભરણ પે'રો કાય.* 138

## (૪) વરસાદમાં પક્ષીસૃષ્ટિના દુહા

*વરસાદનું આગમન થતાં જ સમગ્ર સૃષ્ટિ નવપલ્લવિત થાય છે. વરસાદની આતુરતાથી રાહ જોતાં પક્ષીઓની તરસ છીપે. મોર, બપૈયો, કોયલ તો વરસાદના સ્વાગતના વાંઝા છે. મોર પોતાના ટહુકામાં વરસાદના આગમનને વધાવે, ચાતક મેઘબિંદુને પોતાની ચાંચમાં ઝીલવા માટે આતુરતાથી રાહ જુએ અને બીજાં પક્ષીઓ પણ વર્ષાઋતુમાં પોતાની પ્રણયક્રીડા આરંભે. જાણે પક્ષીસૃષ્ટિ સમગ્ર રીતે એકતાલ થઈને વરસાદનું સ્વાગત કરે. આ ભાવને સ્પષ્ટ કરતા સુંદર દુહાઓ મળે છે.*

*વાદળ ચમકે વાદળી, ગાજે વરસે મેહ;*
*કાગ ઉડાવે કામિની, રાજા! શીખ ન દેસ.* 139

*કોયલ કરે ટહુડકા, પપીહા કરે પુકાર;*
*ઘનઘોર અંબર ઘંમડિયો, ઘરઝર મેહાધાર.* 140

*હંસા તો સરવર રટે, ઘનકું રટે જ મોર;*
*હમ તુમસે મિલના રટે, જૈસે ચંદ ચકોર.* 141

*બપૈયા કોયલ બોલિયા, તલખ્યાં મોરાં તે;*
*ઓતરખંડથી આવજો, મોંઘો થામાં મેહ.* 142

*આભાં ઉલટયાં જળ ભર્યાં, ગળકયાં ઢેલડ મોર;*

*શ્રાવણ વસમો સાયબા, લાંગે કાંટા થોર.* [143]

*મોરાં વિણ ડુંગર કૈસા, મેહ વિણ કૈસા મલાર;*
*ત્રિયા બિન તીજાં કૈસા, પીવ બિન કૈસા ત્યૌહાર.* [144]

*ઘર અષાઢ ધ્રુકિયા, મોર કિયો મમલાર;*
*રાધા માધા સાંભરે, જદુપતિ જગ ભડથાર.* [145]

*ગહકે મોરાં ગરવે, સજે વાદળ સામાઢ,*
*ઘર ઉપર જાંબુ ધણી, આઈ રત અષાઢ.* [146]

*ભાદ્રવ ડહુક દાદ્રવ, એમ જાદ્રવ આવતા;*
*ગહેકે ઝીંગોરા, સાદ ઘોરા, બહુ મોરા બોલતા.* [147]

*કયાં ચંદ ચકોર કયાં, કયાં મોર કયાં મેહ;*
*અળગા તોએ ઢૂંકડા, સાચો જયાંહી સ્નેહ.* [148]

*પિયુ પિયુ પપિહા લવે, મોરાં આરાધે મેહ;*
*અણરત પિયુ આવશાં, જદ જાણુંગી નેહ.* [149]

*બીજ ભલ ભલ હલ જલ, મોરાં કલહલ મંદ;*
*લે બાજાં બરસાતરા, આયો રાજા ઈંદ,* [150]

*ગેહ ધૂળી લુંબી ઘટા, ગાજ રહ્યો ઘનઘોર;*
*ઈન્દ્ર પધારત ધરન પર, મંગલ ગાવત મોર.* [151]

*મધુરા ગળકે મોરલા, સાજે મેઘ સાષાઢ;*
*વ્રળકે અંબર વીજળી, આયો માસ આષાઢ.* [152]

*ગળકે મોર ઝીંગોરિયા, મેલ ધ્રુકે માઢ;*
*વરવા કીરત વરણવા, આયો ઘઘુંબી અષાઢ.* [153]

*ઘટી ઘટા ઘનઘોર, ઝબકે ઝીણી વીજળી;*
*ટગલી ટહુકે મોર, નીચે કળાયેલ કુંજમાં.* [154]

## <u>(૫)વરસાદના વરતારાના દુહા</u>

*પહેલાંના સમયમાં મોટા ભાગનો જનસમૂહ ખેતી પર આધારિત હતો. આજીવિકાનાં બીજાં સાધનો અલ્પ હતાં. આજના જેવાં આધુનિક સાધનોનો ખેતીમાં અભાવ હતો, પરિણામે, ખેતીનો સમગ્ર આધાર વરસાદ પર હતો. ખેતીને અવકાશી રોજી પણ કહેવામાં આવતી. વરસાદ કેટલો પડશે, ક્યારે પડશે અને જો ન પડે તો જીવન જીવવું મુશ્કેલ બની જાય એટલે વરસાદ કેવો પડશે તે પ્રશ્ન પ્રત્યેક ખેડૂતના હૃદયમાં ચિંતા બનીને છવાઈ જાય એટલે ગામમાં આવતા બ્રાહ્મણો, ભગતો કે અનુભવી વૃદ્ધોને વરસાદ અંગે પૃછા કરવામાં આવતી. આમાંથી એક ખગોળીય ઘટનાઓની તપાસ, નક્ષત્રોનું ઊગવું, પવનનું ફૂંકાવું પરથી વરસાદ કેવો પડશે તેની આગાહી કરવામાં આવતી.*

*ભડલી વાક્યો, સહદેવ અને ભડલીના દુહાઓનું આજે પણ ગામડાઓમાં વરસાદની આગાહી માટે એટલું જ મહત્ત્વ જોવા મળે છે અને એ આગાહીઓ દુહાના સ્વરૂપમાં મળે છે, જે અહીં મૂક્યા છે.*

*પૂરવ તાણે કાચબી, જો આથમતે સૂર;*
*ભડલી વાયકા એમ ભણે, દૂધ જમાડું કૂર.* [155]

*ભર અષાઢી બીજડી, નીચે નીરખી જોય;*
*જો હોય સામે સૂકરે, જળબંબાકાર હોય.* [156]

*ભર અષાઢી પંચમી, હોય વાદળ કે વીજ;*
*ધાન વેચીને ધન કરો, રાખો ધોરી બીજ.* [157]

*શનિ રવિ કે મંગળે, જો પોઢે જદુરાય;*
*ચાક ચઢાવે મેદની, કરકે પાજ બંધાય.* [158]

*અષાઢી વદ અષ્ટમી, જો કદી વાદળ છાંય;*
*ચારે માસ તબૂકિયા, જાણે ગાંડો રાય.* [159]

*શ્રાવણ પહેલાં ચાર દી, મેઘ ન માંડે રાડ,*
*પિયુ પધારો માળવે, અમે જશું મોસાળ.*[160]

*ગુરૂ શુક્રની વાદળી, શનિશ્ચરે જો થાય;*
*સહદેવ કહે ભડ્ડલી, વરસ્યા વણ નવ જાય.* 161

*પશ્ચિમ તાણે કાચબી, રવિ ઊગમતે સૂર;*
*ડુંગર બાંધો ઝૂંપડાં, પાદર આવે પૂર.* 162

*જેઠ અંતર દો દાડલા, જો કદી ગાજે ભડ;*
*નદી કિનારે રૂખડાં, કૂવા કાંઠે ખડ.* 163

*શ્રાવણ સુદ સપ્તમી, સ્વાતિ ઊગે સૂર;*
*ડુંગર બાંધો ઝૂંપડાં, પાદર આવે પૂર.* 164

*કૈક ભીંજે કાંકરો, સિંહ ભીંજે પાળ;*
*સહદેવ કહે ભડ્ડલી, ટીંબે પાકે શાળ.*165

*જેઠ ગયો અષાડ ગિયો, શ્રાવણ તું પણ જા;*
*ભાદરવો બલ રેલશે, છઠ્ઠે અનુરાધા.* 166

*આદરા ગાજે તીસ દિન, ભાંજે માસે વરસે મેહ;*
*એવું ભાખે ભડ્ડલી, પુષ્યને છેહ.* 167

*ડાબી ખડકે આથમે, રાની કરણે વિવાય;*
*ઘાઘ કહે સુણ ભડલી, નદીએ નીર ન માય.* 168

## (૬) <u>દુષ્કાળના દુહા</u>

*વરસાદ ન પડે તો દુષ્કાળ પડે. દુષ્કાળ એટલે કાળનોય કાળ ગણાય. લોકોએ પોતાની નજરે દુષ્કાળની ભયાનકતા જોઈ હતી. અનાજ ન મળે, પાણી ન મળે અને સમગ્ર જનસમુદાય રઝળી પડે. પેટનો ખાડો પૂરવા મા-બાપ સંતાનોને રઝળતાં મૂકી દે. ગાયને ઘાસ ન મળતાં મકોડા ખાય. નૈતિક મૂલ્યો જીવનમાંથી નાશ પામે, માણસ પોતાનું આત્મસમ્માન મૂકીને ઘેરઘેર રખડતા થઈ જાય અને હર્યાંભર્યાં જંગલો ઉજ્જડ થઈ જાય. આ દુષ્કાળની ભયાનકતા છે.*

દુષ્કાળ ન પડે, યોગ્ય પ્રમાણમાં વરસાદ થઈ જાય એ માટે લોકો વરસાદને વીનવવા માટે પણ એટલા જ પ્રયત્નો કરતા. કારણ કે દુષ્કાળ પડે તો માનવતાનો માળો વિખરાઈ જાય. દુષ્કાળની ભયાનકતાના દુહાઓ મળે છે, જે અહીં મૂક્યા છે.

ખડ સૂકાં ગોરલ વસુકાં, વાલાં ગયાં વિદેશ;
અવસર ચૂકયા મેવલા, વરસી કાંઉ કરેસ. [169]

મૃગસર ન વાયા વાવડા, આદ્રા ન ઊઠા મેં;
પખ પનરખ વીતિયા, મૂરખ માગે મેં. [170]

વરમંડ ખોટાં વાદળાં, વાયે ટાઢા વા;
મેનું કોઈ ન માનશો, (મેએ) માર્યા બાપને મા. [171]

ગાયે મકોડા ભ્રખિયા, અીતરિયે મેલ્યાં બાળ;
વેલો વળ લાખા ફલના, તારા દેશમાં પડયો દુષ્કાળ. [172]

નદીયું નિસાસા મોકલે, નહિ મથાંળે મેં;
વરસને કાળા મે! ગામ હાલ્યા ગામતરે. [173]

દુકાળે આ દેશમાં, કીધો કેર કાળો;
માનવતાનો માળો, વીંખી નાખ્યો શામળા. [174]

સ્રોવર ગ્યાં સુકાય, ખેતરડાં ખાલી પડયાં;
ઝખમ કહયાં ન જાય, દુકાળ પડિયો દેશમાં. [175]

મૂકી સઘળું માન, માનવ ઘર ઘર માગતાં;
ધાર્યું મળે ન ધાન, દુકાળ પડિયો દેશમાં. [176]

કણી મળે ન કોર, ઝાડ થયાં છે ઝાંખરા;
ધણી વિનાના ઢોર, દુકાળ પડિયો દેશમાં. [177]

મેંગળ જેવી મઈ, માગો તો મળતી મફત;
પરખાવે નહિ પઈ, દુકાળ પડિયો દેશમાં. [178]

*કામન ચારે કોર, પાણી માટે પાટક;*
*રહિયા માથે શેર, દુકાળ પડિયો દેશમાં.* 179

*ગાતા પંખી ગાન, એ વનરા ઉજડ થઈ;*
*છોડયું નિજનું સ્થાન, દુકાળ પડિયો દેશમાં.* 180

*ગણતર બારી ગાય, મરી અને મરશે હૈયું;*
*અંતે ગીધડાં ખાય, દુકાળ પડિયો દેશમાં.* 181

*દુઃખનો ફાટો આભ, શી રીતે એ સાંધવો;*
*જડતો નથી જવાબ, દુકાળ પડિયો દેશમાં.* 182

*બાપે મૂક્યાં બાળ, રેઢાં ભટકે રાતમાં;*
*લે નહિ કોઈ સંભાળ, દુકાળ પડિયો દેશમાં.* 183

*વણસી ગ્યો વેપાર, એક ઘરાક ન આવતું;*
*મુંજાણા મઝધાર, દુકાળ પડિયો દેશમાં.* 184

*કસાઈવાડામાયં, ભૂખે ઢોરાં ભાંભરે;*
*કૈંકની કતલો થાય, દુકાળ પડિયો દેશમાં.* 185

*આપે ન આદમાન, આવેતુને આંગણે;*
*ભૂલી બેઠા ભાન, દુકાળ પડિયો દેશમાં.* 186

*ધેનુ ઘર ઘર માંય, પૂજાતી પ્રેમથી;*
*જુએ ન સામે જરાય, દુકાળ પડિયો દેશમાં.* 187

*માંદો પડિયો મેહ, મુદ્દલ વરસ્યું ન માવઠું,*
*વરસે દીધો છેહ, દુકાળ પડિયો દેશમાં.* 188

*સગવડ હો તો સ્હાય, આવેતુને આપજો;*
*કડવું ન કે'શો કાંય, દુકાળ પડિયો દેશમાં.* 189

*આભે સર્યું ત્રૂટિયું, નવાણ નોધારાં થિયા,*
*વાયલ વા ક્વા, તે અરહી જળ ઊંડા ગિયાં.* [190]

*વારી ભરિયલ વીરડા, ઘણમૂલા ઘૂના;*
*સરિતાનાં જળ સૂકતાં, સો સો ગાઉ સૂના.* [191]

*ખડ પાણી ખૂટી ગયાં, દુખિયો લાગે દેશ;*
*હાકમની જેમ હાલતી, (તેણે) વોર્યો ભગવો વેશ.* [192]

## (5.3) દુહામાં પ્રદેશો

*જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ પ્રિય હોય છે. વ્યક્તિનો જન્મ જે ભૂમિમાં થયો હોય તેને તે મૃત્યુ સુધી ભૂલી શકતો નથી. વ્યક્તિના લોહીમાં જન્મભૂમિની મીઠાશ, વિશિષ્ટતા, લોકજીવનની પરંપરાઓ, લોકમાનસ, લોકખમીર વણાયેલાં હોય છે. જન્મભૂમિની સુગંધને કવિઓએ પોતાની કવિતામાં ઉતારી છે. દુહાઓમાં પણ પ્રદેશોની આગવી લાક્ષણિકતાઓને વર્ણવતા દુહાઓ મળે છે.*

*ગુજરાતને આમ તો આપણે મુખ્ય પાંચ ભાગમાં વહેંચીએ છીએ : સૌરાષ્ટ્ર, ચરોતર, કચ્છ, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાત. આ પાંચ પ્રદેશમાં પણ અલગતા જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં કાઠિયાવાડ, ઝાલાવાડ, ગોહિલવાડ, નાઘેર, ઘેડ, બરડો, હાલાર, ઓખામંડળ એમ અલગ અલગ પ્રદેશો જોવા મળે છે. આ પ્રદેશો કંઈક અંશે બીજા પ્રદેશો કરતાં અલગ પણ પડે છે. પ્રદેશોની લાક્ષણિકતાઓને કવિઓએ દુહામાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે.*

### (૫.૩.૧) સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડ પ્રદેશના દુહા

*રાજકોટ અને જૂનાગઢ જિલ્લાના પ્રદેશને પહેલાં કાઠિયાવાડ તરીકે ઓળખવામાં આવતો. અહીં વસતી કાઠીકોમના આધારે આ પ્રદેશનું નામ કાઠિયાવાડ આપવામાં આવ્યું હતું. કાઠિયાવાડ ઘોડા, ગિરનાર, સાગર, સોમનાથ, સિંહ અને નમણાં નરનાર માટે પ્રખ્યાત છે. સાથેસાથે લોકોનું શૌર્ય અને ખમીર પણ અજબ હતું, એટલે દુહામાં કહ્યું છે, 'સાવઝડા સેંજળ પીએ.' એમાં પ્રાદેશિક ખમીરને બતાવવામાં આવ્યું છે.*

*જે સાંચે સોરઠ ઘડયો, ઘડીએ રાહખેંગાર;*
*તે સાંચો ભાંગી ગયો, જાતો રહ્યો લુહાર.* 193

*દરિયાઘેલો કચ્છડો, વેપારે ગુજરાત;*
*મહોબત-ઘેલા માનવી, એ ધરણી સૌરાષ્ટ્ર.* 194

*સોરઠ ધરા ન સંચર્યો, ન ચડ્યો ગઢ ગિરનાર;*
*વણઝારાનો બળદિયો, ગિયો જન્મારો હાર.* 195

*સોરઠ દેશ ન સંચર્યો, ન ચડયો ગઢ ગિરનાર;*
*ન નાહ્યો દામો રેવતી, અફળ ગિયો અવતાર.* 196

*સોરઠ દેશ સોહામણો, ચંગા નર ને નાર;*
*જાણે સ્વર્ગથી ઊતર્યા, દેવદેવી અણસાર.* 197

*સોરઠ દેશ સોહામણો, મુજને જોયાના કોડ;*
*રત્નાકર સાગર ઘૂઘવે, ત્યાં રાજ કરે રણછોડ.* 198

*જ્યાં મીઠાં આંબા-આંબલી, મીઠાં દાડમ દ્રક્ષ;*
*ગરવા ગઢ સોહામણા, કામણગારી નાર.* 199

*સરવો સોરઠ દેશ,(જ્યાં) સાવઝડાં સેંજળ પીએ;*
*બાળુ પાટણ દેશ;(જ્યાં) પાણી વણ પોરા મરે.* 200

*સાખ પડે બેડો, શેરડી,કાઠા ઘઉં કરઠ;*
*રેંટ ખટુકે વાડીએ, ભોય ધરા સોરઠ.* 201

*આંબાવન ને આંબલી, મીઠા જરૂર મલાર;*
*હરિયાળીભરી ભોમકા, ને રઢિયાળો ગિરનાર.* 202

*સોરઠ પાકયો આંબલો, સૂડલો રહ્યો લોભાઈ;*
*ચંચ તો પસારી પીયાં કરે,રાજરંગ ભીનો કયાં જાઈ.* 203

*પંચરત્ન સોરઠ વિષે, અશ્વ નદીને નાર;*
*સોમનાથ ચોથા વસે, વળી હરિનો ઠાર.* [204]

*સરળ ભોમ સોરઠ તણી, નમણી રૂડી નાર;*
*નીપજે નકલંક નરા, કેસરકંધા કબાઉત.* [205]

*પાતળી પહેરે મોજડી, ચાલે ચટકતી ચાલ;*
*વાંકી બાંધે પાઘડી, ભલો ઈ કાઠિયાવાડ.* [206]

*કાઠિયાવાડમાં કો'ક દિ', ભૂલો પડય ભગવાન;*
*થાને મારો મે'માન, તને સરગ ભૂલાવી દઉં શામળા.* [207]

*રેશમ જેવી ઘોડિયું રાંગમાં શોભે, ચરખાનો ચાંપરાજ;*
*જેની નાડી ધોતા નર નીપજે, ઈ મૂલક કાઠિયાવાડ.* [208]

*વાવણી વખતે ચારણીને, દેપાળદે છોડાવી તે વાર;*
*નવરંગા મોતી નિપજાવ્યાં, ઈ મૂલક કાઠિયાવાડ.* [209]

*ઢોલરે રથ શણગારિયાં, (અને) કરી આણલે તિયાર;*
*દીધી દેવરાને પરણેતર, ઈ મૂલક કાઠિયાવાડ.* [210]

*શેણીએ પાથર્યો પ્રાણ, વહાલા વિજાણંદને કારણે;*
*જેણે ગાળ્યાં હેમાળે હાડ, ઈ મૂલક કાઠિયાવાડ.* [211]

*બાળું પાટણ દેશ, જીસે પટોળાં નીપજે;*
*સરવો સોરઠ દેશ, લાખેણી મળે લોબંડી.* [212]

## (૫.૩.૨) પાંચાલ પ્રદેશના દુહા

*ચોટીલા અને થાનગઢ આસપાસનો વિસ્તાર પાંચાલ તરીકે ઓળખાતો. પાંચાલી ઘોડા, મૃગ, નિર્મળ જળ અને પવિત્ર લાલ ભૂમિ એ પાંચાલની ઓળખાણ છે. અહીંની સ્ત્રીઓ ગૂઢા (લાલ) રંગનાં કપડાં પહેરે, ચાર હાથનો ચોટલો અને અંગેઅંગમાં નમણાઈ જોવા મળે છે. લોકોની*

*આતિથ્યભાવના પણ અજબ છે. અહીં આંગણે આવેલ અતિથિ ક્યારેય ખાલી હાથે પાછો જતો નથી. એ ભાવનાના સુંદર દુહાઓ મળે છે.*

*ઓદરથી ઉરે સરસ, નાક નેણનો તાલ;*
*ચાર હાથનો ચોટલો, પડ જોવો પાંચાળ.* 213

*નદી ખળકે નિઝરણાં, મલપતા પીએ માલ;*
*ગાળે કસુંબા ગોવાળિઆ,પડ જોવો પાંચાળ.* 214

*આછાં પાણી વરડે, ધરતી લાંપડિયાળ;*
*રસભર્યા સારસ લવે, પડ જોવો પાંચાળ.* 215

*નરનારી બન્ને ભલાં, કદી ન આંગણે કાળ;*
*આવેલાને આદર કરે, પડ જોવો પાંચાળ.* 216

*ગૂઢે વસ્તર ગોરિયા, પગ પીંડીનો તાલ;*
*પનઘટ ઉપર પરવરે, પડ જોવો પાંચાળ.* 217

*ઠાંગો માંડણ ઠીક છે, કદી ન આંગણ કાળ,*
*ચાર પગા ચરતાં ફરે, પડ જોવો પાંચાળ.* 218

*કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ;*
*કો'ક માડુ નીપજે, ભોંય દેવકો પાંચાળ.* 219

*કંકુવરણી ભોમકા,ઝાંઝા હરણાને લાંપાળ;*
*હર નીરાં હંસલે, ભોંય દેવકો પાંચાળ.* 220

*તાાત તોરિંગ મૃગકૂદંણાં, લીલા પીળા લાલ;*
*ભલ વછેરાં ઉછરે, પડ જોવો પાંચાળ.*221

*ભૂત ગામ ભાડલા, કે જ્યાં જુઓ ત્યાં કૂવા;*
*બાયડી એટલી ડાકણ્યું,ને ભાયડા એટલા ભૂવા.*

## <u>(૫.૩.૩) બરડો, હાલાર અને ઓખામંડળ પ્રદેશના દુહા</u>

*પોરબંદર જિલ્લા અને જામનગર જિલ્લા વચ્ચે બરડાનો ડુંગર. બરડાના ડુંગરની આસપાસનો વિસ્તાર બરડા તરીકે ઓળખાય. ત્યાંથી આગળ વધીએ એટલે હાલાર અને ત્યાંથી ભગવાન દ્વારકાધીશનાં દર્શન કરી આગળ વધીએ એટલે ઓખામંડળ. આ ત્રણેય પ્રદેશ એક રીતે જામનગર જિલ્લામાં ગણાતા. અત્યારના સીમાંકન પ્રમાણે ત્રણેય પ્રદેશ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગણાય છે.*

*બરડાનું મુખ્ય કેન્દ્ર ઘુમલી - ઘુમલી જેઠવાઓની રાજધાની અને ઘુમલી સાથે જોડાયેલ ત્રણ કથાઓ. મેહ-ઊજળી, સોન-હલામણ અને માંગડાવાળા - આ ત્રણેય કથાઓને લીધે આ પ્રદેશવિશેષના દુહાઓ મળે છે. આ સિવાય ભગવાન દ્વારકાધીશ અને લોકોના આદરમાનના લીધે આ પ્રદેશવિશેષ વિશે ઘણું લખાયું છે.*

*ઊંચો ડુંગર આભ પરો, નીચી જેતાવાવ;*
*પદમણીયું પાણી ભરે, હંસણી હારોહાર.* [222]

*ઓખો, બરડોને ઘૂમલી, મેલ્યા ત્રણે દેશ;*
*શિયે જેઠવે છેતર્યા, કાઢયા કાળે વેશ.* [223]

*ખીમરા! ખારો દેશ, મીઠાબોલા માનવી;*
*નગણાસું શો નેહ! બોલ્યો નૈ બરડાધણી.* [224]

*નારી તો રંડાય સદાય, નર કોઈ દી રંડાય નહીં;*
*ઓખો રંડાણો આજ, માણેક જાતા મુળવો.* [225]

*કાઠિયાણી કડ્ય પાતળી, હલકતી માથે હેલ્ય;*
*બરડા હુંદી બજારમાં, ઢળકતી આવે ઢેલ.* [226]

*ખૂબ ગામ ખંભાળિયું, જેનેપાદર ઘી;*
*જાંબુ આંબા આમલી, ભભ્ભા ભલા સુખી.* [227]

*નદી ખળુકે નીર વહે, મોર કરે મલાર;*
*જ્યાં સાતે રસ નીપજે, ભોંય ધરા હાલાર.* [228]

*જડિયો જંગલમાં વસે, ઘોડાનો દાતાર;*
*ત્રુઠયો રાવળ જામને, હાંકી દીધો હાલાર.*[229]

*લાગઠ પાણી લાંબખડ, ઢુંગેઢુંગે ધાર;*
*હથ ટૂંકા હરમત નહીં, હેમાળો હાલાર.*[230]

*જૂની જારરો ઢેબરો, માથે કળથીરો વઘાર;*
*ઊભો ઊભો ધા ઘો, હૂડે દેશ હાલાર.*[231]

*ભાદરકાંઠાની ભેંસ ભલી, વેણુ વખાણું ગાય;*
*કાઠિયાવાકની કામની, બરડાચંગો જુવાન.*[232]

*વસતી જ્યાં બહુ મેરની, નારી પાતળપેટ;*
*ઘી પથ્થર વખાણમાં, ભોય બરડો બેટ.*[233]

*શિયાળે ભલો માળવો, ઉનાળે ગુજરાત;*
*ચોમાસે સોરઠ ભલો, બરડો બારે માસ.*[234]

*ઊંટકડો ને આંબલી, ઓખો મેળા એહ;*
*હકડો નવે દ્રારકાનાથ, નયે જડયો દેહ.*[235]

*આંક અરિઠા આમલી, ઓખો મેળો એહ;*
*એક ન હોત શ્રીનાથજી, તો દીઠા જેવો દેહ.*[236]

*પાતળ-પેટાં ને પીળરંગાં, પરાવને પારે;*
*રાવળ રેખાળાં માનવી, ઊતર્યા કયે આરે ?*[237]

*જોબન મદમાતી બહુ, હલે ઢળકતી ઢેલ;*
*ભાદર આરે જળ ભરે, ત્રાંબા પિત્તળ હેલ.*[238]

## (પ.૩.૪) ઝાલાવાડ અને ભાલના દુહા

*સુરેન્દ્ર અને તેની આસપાસના પ્રદેશને ઝાલાવાડ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રદેશની ભૌગોલિકતા વિશેષ દુહામાં ઊતરી છે. ખારું પાણી, ન ઝાડ કે છાંયડો, પથ્થર વગરની*

જમીન અને મીઠાના અગરિયા એ આ પ્રદેશની ઓળખ છે. આ ખારા પ્રદેશમાં પણ લોકોમાં માણસાઈ અને શૌર્ય તો ભારોભાર ભર્યાં છે. એના સુંદર દુહા મળે છે.

ધૂળ ગામ ધોલેરા, ને બંદર છે બારાં;
કાઠા ઘઉંની રોટલી, ને પાણી પીવા ખારા. [239]

નહિ છાશ, છમકો ને છાંયડો, (એવા) કેતા અવગુણ કહું ?
પણ ભૂડાંમાં ભલું એટલું, કે ભાલ નીપજે ઘઉં. [240]

લોટમાં કાંકરીને, ભાંભળા પાણી;
આખા બોલા માનવી, એ ઝાલાની એંધાણી. [241]

કંકુવરણા લૂગડાં, ધોવા લઈ જાય પાણો;
પવાલા જેવા ચૂડલા, એ ઝાલાવાડી જાણો. [242]

ઝાઝાં ઝાળાં ઝાંખરાં, આળિગારો દેશ;
ભોમાં ભાલાં નીપજે, જોયો ઝાલા દેશ. [243]

પાટણ આંબો વાવિયો, ઊગ્યો અમદાવાદ;
ફાલ્યો ફૂલ્યો માળવે, ને વેડયો ઝાલાવાડ. [244]

સાસ,સમંપો ન છાયડો, સૂવાનું બહુ સાલ;
સગું ન કરજો સુકવિ, એ ભૂડી ધરતી ભાલ.[245]

ભાલ ભલેરી ભેંસ, દૂધ ભરેલી દાથરી;
ઘઉંની ઘાટી ઘેંસ, શેડકઢે શિરાવતા. [246]

ભલ ઘોડા ભલ માનવી, ભલ ગુજરાતે ભાલ;
કાઠી ધરા કાઠિયાવાડની, ભાલ ધરા રસાળ.[247]

## (૫.૩.૫) કચ્છ પ્રદેશના દુહા

*રણપ્રદેશ હોવા છતાં પણ કચ્છ પોતાની આગવી વિશેષતાથી અલગ પડે છે. કચ્છના ઘોડા અને બળદો, બાવળ-બોરડીનાં ઝાડ, બહાદુર અને માયાળુ માનવી અને કચ્છીઓના વ્યાપારથી કચ્છ આખા ગુજરાતમાં પ્રખ્યાત છે.*

*કચ્છના લોકોનું દૈહિક સૌંદર્ય પણ અદ્‌ભુત છે. પુરુષના માથે પાઘડી, કમરે તલવાર અને ખમીરવંતું વ્યક્તિત્વ જોવા મળે છે. સ્ત્રીઓ પણ આખું શરીર ઢંકાય તેવો પહેરવેશ પહેરે છે. લાંબા કેશ અને અણિયાળી આંખો એ કચ્છની સ્ત્રીઓની ઓળખાણ છે. કચ્છ વિશેના આવા સુંદર દુહાઓ મળે છે.*

*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત;*
*ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારેમાસ.* [248]

*ભલ ઘોડો, કાઠી ભલા, પેનીઢંક પહેરવેશ;*
*રાજા જદુવંશરા, ડોલરિયો કચ્છ દેશ.* [249]

*એની જડે નહી જગમાં જોડ, નખતર માડું નીપજે;*
*ઝાંઝા બાવળ બોર, કેસર છોડ તો કયાંક છે.* [250]

*તળ ઊંડા જળ છીંછરાં, કામન લંબે કેશ;*
*નર પટાધર નીપજે, કોડીલો કચ્છ દેશ.* [251]

*વંકા કુંવર વિકટ ભડ, વંકા વાડીએ વચ્છ;*
*વંકા કુંવર તડે થીએં, જ પીએં પાણી કચ્છ.* [252]

*કચ્છડો ખેલે ખલકમેં, જીં મહાસાગર મચ્છ;*
*જીત દીકડો કચ્છી વસે, ઉતે ડિયાણી કચ્છ.* [253]

*કારા ડુંગર કચ્છની, ધોરા ધણ ચરેં;*
*સિજ ઉથલે સામાં અચેં,ડિસંધે દુઃખ ટરે.* [254]

*કચ્છમાં નાગણ નીપજે, નગરે નીપજે નાગ;*
*સાંતલપર સિક્કા પડે, ભૂજમાં માગે ભાગ.* [255]

*નગરે નાગણ નીપજે, નાગ કદી નવ હોય;*
*ભૂજવાળા ભોરિંગથી, કદી ન પહોંચે કોઈ.* [256]

*ઝારો ડુંગર કચ્છમાં, આશાવરી ખેંગાર;*
*સો મેં દેખ્યા કચ્છમાં, રતન પદારથ ચાર.* [257]

**(૫.૩.૬) ભરૂચના દુહા**

*ગુજરાતનું પ્રાચીન બંદર ભરૂચ. મરાઠાઓ દ્વારા સોળ વખત લૂંટવામાં આવ્યું છતાં પણ ભરૂચમાંથી થોડુંઘણું તો મળતું જ રહ્યું એટલું ભરૂચ સમૃદ્ધ હતું. એટલે ગુજરાતીમાં કહેવત મળે છે, 'ભાગ્યું ભાગ્યું તોય ભરૂચ'. આ ભરૂચની સમૃદ્ધિ અને લાક્ષણિકતા અન્ય લાક્ષણિક વસ્તુઓ સાથે મૂકીને સુંદર દુહાઓ બનાવ્યા છે. જેમ કે આગનો નાનો તણખો હોય તો પણ આખા જંગલને સળગાવવા માટે પૂરતો છે. સંબંધમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ નાની અમસ્તી ગૂંચ પડી જાય તો તેને ઉકેલવી અઘરી છે. ફાટેલું પણ પગરખું પગનું રક્ષણ તો કરે જ છે. એ જ રીતે ભરૂચ પણ ભરૂચ જ હતું.*

*નાની તોયે નાગણી, ચમરી તોયે પૂંછ;*
*મીણનો તોયે માટીડો, ભાંગી તોયે ભરૂચ.*[258]

*છાંટો તોયે થોરનો, થોડી તોયે ગૂંચ;*
*તણખો તોયે આગનો, ભાંગી તોયે ભરૂચ.*[259]

*દુશ્મન તોયે બાંધવો, ધર્મી તોયે તુચ્છ;*
*કણી તોયે સુલેમાની, ભાંગી તોયે ભરૂચ.*[260]

*ઝાંખી તોયે દેવની, મૂર્ખ તોયે ગુચ્છ;*
*ફાટેલ તોયે ખાસડાં, ભાંગી તોયે ભરૂચ.*[261]

*ઝીણી તોયે રાઈડી, પાંખી તોયે મુચ્છ;*
*ઘરડો તોયે ગરાસિયો, ભાંગી તોયે ભરૂચ.*[262]

## (૫.૩.૭) અન્ય પ્રદેશોના દુહા

*ગુજરાતીમાં કહેવત છે, 'બાર ગાઉએ બોલી બદલાય.' એ જ રીતે પ્રાદેશિક ભિન્નતા પણ બદલાય છે. ગુજરાતમાં પણ પ્રાદેશિક ભિન્નતા અને જનસમુદાયના આગવા વ્યવહારોના લીધે એક પ્રદેશ કરતાં બીજો પ્રદેશ અલગ પડે છે. જેના લીધે સૌરાષ્ટ્રમાં ગોહેલવાડ, ઝાલાવાડ, ઘેડ, કાઠિયાવાડ, બરડો, હાલાર, ઓખામંડળ, નાઘેર, મચ્છુકાંઠો, પાંચાલ, વઢિયાર જેવા પ્રદેશો જોવા મળે છે. તો સમગ્ર ગુજરાતમાં ઉત્તર ગુજરાત, ચરોતર, ભાલ, કાનન, કાંકરેજ, થાગધરી, મેવાસ ગુજરાતના ઉત્તર સીમાડે મારવાડ જેવા પ્રદેશો જોવા મળે છે. પણ એક વાત નોંધનીય છે કે સૌરાષ્ટ્રના પ્રદેશોના જેટલા દુહાઓ મળે એટલા અન્ય પ્રદેશના દુહા મળતા નથી. જે પ્રદેશમાંથી કવિ આવતા હોય તે પ્રદેશનાં વર્ણન કરતા સુંદર દુહાઓ મળે છે. પણ જે પ્રદેશનો કવિને ખરાબ અનુભવ થયો હોય તેની નિંદા પણ કરે છે, જેમ કે, અમરેલીમાં દીકરાને ન પરણાવો કારણ કે અમરેલી ગાયકવાડ શાસનમાં આવતું એટલે સ્ત્રી ભણેલી હોય અને ભણેલી સ્ત્રી હિસાબ માગે તે પસંદ નથી એટલે કવિ અમરેલીમાં દીકરાને પરણાવવાની ના પાડે છે. ઉત્તર ગુજરાતને ઢોંગી અને સ્વાર્થી કહ્યું અને ભરૂચને ગુજરાતનું રત્ન કહ્યું, આમ કવિઓએ પોતાના અનુભવના આધારે પ્રદેશોનાં વર્ણનો દુહાઓમાં કર્યાં છે. જે પ્રદેશોના ઓછા દુહા મળે તે પ્રદેશના દુહાઓ અહીં નીચે મૂક્યા છે.*

### મારવાડ (રાજસ્થાન)

*સીયાલે ખાટુ ભલો, ઉનાલે અજમેર;*
*નાગાણી નિતનિત ભલો, સાવણ બિકાનેર.* [263]

*ઉદયાપુરરી કામણી, ગોખે કાઢે ગાત્ર;*
*દેવાળુરાં મન ડગે, માનવિયાં કુણ માત્ર.* [264]

*જળ ઊંડાં થળ ઊજળાં, નારી નવલે વેશ;*
*પુરખ પટાધર નીપજે, આયો મરદેશ.* [265]

### ગોહેલવાડ

*શેત્રુંજથી ગરવો સરસ, જટાળા જોગેશશ;*
*ડોલર મારો દેશ, રાજેસર છેટે રિયો.* [266]

*ભલ ઘોડાં કાઠી ભલા, પેની ઢક પરવેશ;*
*ડોલર મારો દેશ, રાજસર છેટે રિયો.* [267]

*પાણી પરકખો ઠક્કરાં, બીજ પરકખો કન્ન.*
*ભોમ ભલા જ્યાં નીપજે, નર તોરીંગ ને અન્ન.* [268]

**<u>નાઘેર</u>**

*ચિતળમાં નદેવી દીકરી, શેડુભારમાં ન દેવો ઢાંઢો;*
*અમરેલીમાં વરાવવો ન છોકરો, ભલે રિયે વાંઢો.* [269]

*દાડીએ ઝાઝા કાતરા, કાખે ઝાઝા કેશ;*
*ચૂંથ્યાં પીંખ્યાં લૂગડાં, કુડે વાગડ દેશ.* [270]

*ખાસા માલ ખડીરની, બાજર, બાકર, બોર;*
*કૂડ, ધૂડ કંથકોટની, ઠાકર ચાકર ચોર.* [271]

**<u>મોરબી - મચ્છુકાંઠો</u>**

*મચ્છુ કાંઠો ને મોરબી, વચમાં વાંકાનેર;*
*નર પટાધર નીપજે, પાણી હુંદા ફેર.* [272]

**<u>ઉત્તર ગુજરાત</u>**

*પંડિતકુ પૂર ભલી, જ્ઞાનીકુ પંજાબ;*
*મારવાડ મૂર્ખકુ ભલી, ઢોંગીકુ ગુજરાત.* [273]

*અધ્યાત્મની આગરા, જારે બિકાનેર;*
*રાગદ્વેષ ગુજરાત, નિંદક જેસલમેર.* [274]

*બંટી, ચણો ને બાજરો, જવ કોદર અન્નજાત;*
*નાર કઢંગી નીપજે, ઈ ધરા ગુજરાત.* [275]

**<u>વઢિયાર</u>**

*દલ ધીંગા ધીંગી ધરા, હથ ધીંગા હથિયાર;*
*નર માઢુડા નીપજે, દેહ ધીંગો વઢિયાર.* [276]

**<u>દંડાહી પ્રદેશ</u>**

*નંઈ દુધા નંઈ ડાયરા, નંઈ બપોરા બેસ;*
*દંઢાવ્ય તારો દાટયું રહેજો,ત્રણે ટાણાં ઘેંસ.* [277]

**<u>કાંકરેજ</u>**

*નર બંકા ધણ્ય સુંદરી, ધીંગા ધોરી ધેન;*
*કાંકરેજીરા ઘોડલા, વામે ના'વે કેણ.* [278]

*ઝાઝા બાવળ બોરડી, ઝાઝા કેર, કથીર;*
*પણ મરદાહંદી ભોમકા, કાંટાળો કાંકરેજ.* [279]

**<u>થાગધરી</u>**

*ગાગરરપેટી ને ટૂચકલી, ખીચ અલૂણો ખાય;*
*નાર હેડંબા નીપજે, એ વાવ થળાધરી વાવ.* [280]

**<u>મેવાસ</u>**

*નહીં જ્યાં બ્રાહ્મણ વાણિયા, ઘમકે ઘોર મેવાસ;*
*ખેલમાં ખાંડા ખડખડે, કુણ જીવ્યારી આશ ?* [281]

## <u>(5.4) દુહામાં નદીઓ અને સમુદ્ર</u>

### <u>(૫.૪.૧) ગંગાના દુહા</u>

*ભારતીય સંસ્કૃતિમાં ગંગાને પવિત્ર નદી ગણવામાં આવી છે. ભગીરથે સગર રાજાના પુત્રોને મુક્તિ અપાવવા માટે સ્વર્ગમાંથી ગંગાને પૃથ્વી પર અવતારી. ગંગાએ સગર રાજાના પુત્રોને મુક્તિ તો અપાવી જ પણ ભારતભૂમિમાં ગંગા સર્વ માટે મુક્તિદાતા બની છે. શરીરનું એક હાડકું પણ જો ગંગામાં જાય, ગંગા કાંઠે મૃત્યુ થાય, જે પોતાના માથે ગંગાજળ ચડાવે, પક્ષી ઊડતાં ઊડતાં પણ ગંગાના પ્રવાહ પરથી પસાર થાય અને જે વ્યક્તિ ગંગાના પ્રવાહમાં સ્નાન કરે તેના પરિવારમાં કોઈ અવગતે જતું નથી પણ તેને મુક્તિ મળે છે અને વૈકુંઠમાં વાસ થાય છે.*

કાયા લાગો કાટ, સરાણી પર સુધરે નઈ;
નિર્મળ હોય નિકટ, ભેટયા તવ ભાગીરથી. 282

ગંગા તીરે જાય, જે કોઈ ગંગોદક પીયે;
માનવિયાં જો આંય, ભાગ્ય વડાં ભાગીરથી. 283

પગે તળીયું પડે, જાન્હવી દશ્ય જાતે;
પરીયું પીંગલડે, વાયુ ઢોળે વણારસી. 284

હાથે જળ હિલોળ, માથે લઈ મંજન કરે;
પામે વૈકુંઠ પોળ, ભેટંતાં ભાગીરથી. 285

પ્રાણી દેહ પડે, ગંગા જળ નામે ગળે;
ચટ વૈમન ચડે, વૈકુંઠ પુગે વણારસી. 286

હેણક કટકો હાકકો, જો ગંગા ત્રઠ જાય;
તો માનવીયાં કુળ માંય, ભુત ન સરજે ભાગરથી. 287

ગંગાજળ ગટકે , નર લટકે લીધો નઈ;
ઈ ભવસાગર ભટકે, ભૂત હેવા ભાગીરથી. 288

ઉઘાડે જઈ ઉડે, જળમાં આંખ્યુ જે;
તેના વંશ તેડે, વૈકુંઠે વણારસી. 289

જાતલનાં અઘ જાય, જાતલને જોતલ તણાં;
પાણી પણગાં માંય, વૈકુંઠ પુગે વણારસી. 290

આવીને અંગ, ઘસે કટકે ઘાટ;
ખેંચે હિંડોળા ખાટ; વૈકુંઠ પરી વણારસી. 291

ઉપરથી ઉતરીયાં, પંખી તે પાવન થીયાં;
માંહી મંજન કીયાં, ભુત ન સરજે ભાગીરથી. 292

ભાગીરથીને ભાગ, ગિરિવરસે આઈ ગંગા;

*નર સુર લોકો જ નાગ, તરિવા ત્રણે ભવન.*[293]

*મુખ દેખી દાતારનું, દુઃખ જન્મનાં જાય;*
*ગંગાનીર જ દેખતાં, સઘળાં પાપ પળાય.*[294]

*કાયા લાગો કાટ, શીકલીગર સુધરે નહિં;*
*નિરમળ હોય નરાટ, ભેટયે તવ ભાગીરથી.*[295]

*આવીને અહત્ર તણો, ઘસે કટકો જો ઘાટ;*
*ખેંચે હીંડોળાખાટ, વૈકુંઠ પરિયુ વણારસી.*[296]

*પાસે મર ઊભો પિતા, હર સરીખો હોય;*
*મા વણ મરીએ તો ય, તું વેગળીએ વણારસી.*[297]

## <u>(પ.૪.૨) ગુજરાતની અન્ય નદીઓના દુહાઓદ</u>

*પ્રત્યેક પ્રદેશમાંથી કોઈ ને કોઈ નદી વહેતી જ હોય છે. એનો વિસ્તાર અને પ્રવાહ નાનો હોય છે તો પણ તે પ્રદેશ માટે તો એ નદી ગંગા કે અન્ય કોઈ અન્ય નદીથી ઊતરતી નથી. નદી જે પ્રદેશમાંથી વહે છે તે પ્રદેશનું અને તેના સંસ્કારોનું સિંચન કરે છે. સૌરાષ્ટ્રમાં આવી નાની નદીઓનો પાર નથી. કવિઓએ આ નાની નદીઓને પણ લાડ લડાવવામાં મણા રાખી નથી. આ નદીઓ સાથે પણ અનેક કથાઓ અને દંતકથાઓ, આસ્થા અને શ્રદ્ધા જોડાયલાં હોય છે. આ નદીઓ માટે એકાદ-બે દુહાઓ તો કવિઓએ લખ્યા જ છે. એ દુહાઓ અહીં મૂક્યા છે.*

**બ્રાહ્મણી**

*ચડીઓ કેમ તુને આ ચોલો, બીજા જેમ તમે નવ બોલો;*
*વેદ સમી હોય તારી વાણી, બ્રામણ થઈને કાં ભરમાણી ?*[298]

**<u>મચ્છુ</u>**

*મચ્છુ કાંઠે મોરબી, વચમાં વાંકાનેર;*
*નર પટાધર નીપજે, પાણી હુંદો ફેર.*[299]

**<u>વેણુ</u>**

*ભેંસાંનાં ડોળેલ, ભાંભર જળ ભાવે નહિ;*
*સુગાળું થામાં શરીર, વેણુ જળ વાંસે રિયાં.*[300]

**<u>ત્રિવેણી</u>**

*તરવેણીને તીર, સાગવને સરજવાં નહિ;*

*આવતડો આહીર, દાતણ કરવા દેવરો.*[301]

**હીરણ્ય**

*પદમાનો પ્રીતાળ, હીરણ્યની હદમાં રિયો;*
*ઝાઝા કે'જો જુહાર, મરતાં બોલ્યો માંગડો.*[302]

**રીબડી**

*રાંધ્યા રાખે રીબડી, કમંઠ કોપ કેવાય;*
*પન્નેસણના પાપમાં, ડોસો દુઃખી થાય.*[303]

**સાંગાવાડી**

*સાંગાવાડી કાંઠે સાત ખોરડાં, ઘર વાગે પાવો;*
*હડમાન પાસે હડિયું કાંઢે, બે કૂતરાં ને એક બાવો.*[304]

**ગોડી**

*ટીમાણું કરવા તરબોળી, જાદુગરે રમત્યું જોડી;*
*ઠાકોર કહે એ વાતમં થોડી, ગોડીએ વ્હેતી કરી ગોડી.*[305] *દુ.દુ.૬૦૩*

**ઠેબી**

*આડે આવ્યાં જાય ઉપાડી, ગ્રજના કરતી ગેબી;*
*અમરેલીએ ઊંધે માથે, ઠણકા નાખે ઠેબી.*[306]

**ગુડાઝલી**

*ખડીઆને પાદર ખળખળતી, ગુડાઝલી ગુડાભર કરતી;*
*ઉતરવાનો ન મળે આરો, દેતી હાઉ કરીને ડારો.*[307]

**ઢાઢવડી**

*ઢાઢવડી બહુ જામાં ઘ્રોડી, સ્થિર રહીને સાંભળ થોડી;*
*કિંમત ઉતાવળાની કોડી, આખર થઈ છે દશા કફોડી.*[308]

**સાની**

*સાનીતડ સગા, પગ લપટયો પાસાંજી;*
*ઊંડે જળ અહા, ખસતાં કીધાં ખીમરે.*[309]

**ઓઝત**

*ચડય ટીંબા ચડય ટીંબલી, ચડય ગુંદાળી ધાર;*
*ઓઝત માર્ય ઊછાળો, વિજાણંદ પાછો વાળ.*[310]

**રૂપેણ**

*રાણો પૂછે રૂપેણને, દીઠાં મૂંજા શેણ્ય ?*
*ચોસરિયારો ચાટલો, નાક ભાતીલાં નેણ ?*[311]

**રેણુકા**

*રેણુકામાં સ્નાન કરીને, કોરા પાલવ કીધા;*
*જેઠો મોડ અને કરમાબાઈએ, શીર વધેરી દીધાં.*[312]

**ગાગડીઓ**

*શેત્રુંજી કહે ગાગડીઆ, તારા માણસ કેવાં ?*
*હાંફે ઓકે ને આફરે, સવારે એવાં ને એવાં ?*[313]

**<u>સોમાત</u>**

*સોમાત કાંઠે સાંપડે, બાપા રોઝાં બે;*
*જેશા અસંવારીજે, કરજે કૃત કવટાઉત.*[314]

**<u>નાવલી</u>**

*કોટીલાને વાંસે કોડે, જળ ખળખળતાં જ્યાં;*
*સોસરે સામું જોયું, નાવલી રહી ગઈ ન્યાં.*[315]

**<u>માલણ</u>**

*માલણ મોં વાળી કરી, ખરખર આંસુ મ ખેર;*
*લેતલ તો ત્રઠ લેર, સ્રગ રામો સિધાવિયો.*[316]

**<u>મતવાર</u>**

*બડબડ કદી ન બોલિયે, બોલ્યું પડશે;*
*કફરાં વેણ ન કાઢીએ, મૂંગી રે મતવાર.*[317]

**<u>ફલકુ</u>**

*પીંડી સુધી ભર્યું છે પાણી, ફલકુ એમાં કેમ ફૂલાણી ?*
*મારી સમવડ ગજું છે કોનું, સોનરખ કે આપું છું સોનું.*[318]

**<u>મોજ</u>**

*મીઠાં સાકર જેવા માળે, આપે ધખતે ધૂમ ઉનાળે;*
*તળિયાં તરબુચ સાકરટાટી, મોજ હોય નહિ કદિયે માઠી.*[319]

**<u>ભોગાવો</u>**

*કયાં ભાદર અનગળ ભર્યાં, કયાં ભોગાવાનાં ભૂ !*
*કયાં શીતળતા સોરઠ તણી, કયાં લીંબડીવાળી લૂ !*[320]

**<u>કોચલી (પોપટડી)</u>**

*કોચલી કે હું કામણગારી, હાલું ધરતી હેઠ;*
*પરથમ નાખું ખાટલે, પછી વધારું પેટ.*[321]

**<u>જાંબર</u>**

*મિયું માગ ન દીતિયું, રૂંધતિયું અઅઆરા;*
*જળ જાંબુરનાં, હવે માણો મછીઆરા.*[322]

**<u>નોળી</u>**

*મેં જાણ્યું માલ વિનાની, ભારે લાગછ ભલળી;*
*વિશ્વાસુને વીંધી નાખ્યાં, નુગરી થઈ તું નોળી.*[323]

**<u>શેત્રુંજી</u>**

*કરજે મન કોળે નહિ, નેણે ના'વે નીંદ;*

*ગળકાસાં ગોવિંદ, શેત્રુંજીમાં શામળમ ?*[324]

**<u>આંબાઝર</u>**

*આંબાઝરનો ઝીલણો, ના'વા સરખાં નીર;*
*ધજા ફરૂકે ધ્રમની, પરગટ ગીગો પીર.*[325]

**<u>ઘોડાવડી</u>**

*ઘોડાવડી ઘીએ રેલી, પોરસ હામાપુર;*
*ખજૂરીએ ખજૂર, જશના ઠળિયા જશાઉત.*[326]

**<u>મેંગળ</u>**

*હીરણ સંદેશા મોકલે, મેંગળ મળવા આવ્ય;*
*મનરખાં માનવ તણા, રૂડા સંદેશા લાવ્ય.*[327]

**<u>જમરી</u>**

*વાદીલાને કોઈ ન વારે, સાચી વાત કદી નવ સારે;*
*વ્હેતે પૂર પડે જે વારે, જમરી કે'છે જમને બારે.*[328]

**<u>બોબડી</u>**

*બોબડી કહે કોણ એ બેઠો, ઘોડા પરથી નાખું હેઠો;*
*રાબડમાં હું રગદોળું, સાંજ પડે તયેં કેડો છોડું.*[329]

**<u>વરતું</u>**

*ખેતર તાણું ખળાં તાણું, તાણું કાંઠાનાં ગામ;*
*હરસધ સુધી હાક બોલાવું, વરતું મારું નામ.*[330]

*મતહીણી મીણસાર તેં, કેવુંક કીધું કામ;*
*કંડોરડાનો પુલ તોડયો, એમાં છકી આમ ?*[331]

*ગાડાં પાડાં ને બારધાં, દેશ ડૂબાડું સોય;*
*સમદર પણ થરથરવા લાગે, વરતુ વસમી જાય.*[332]

*ગોપનાથથી હાલું છલકતી, સંગમ ત્રિવેણી સોય;*
*સોનમતી વેરાડી સંગે, કામ કરું છું જોય.*[333]

**<u>મીણસર</u>**

*વરતુ મ થાવ વેવલાં, સાવ લાગો છો ઘેલાં;*
*કંડોરડાનો પુલ તોડયો, બબ્બે ગાવે બેલાં.*[334]

**<u>ભાદર</u>**

*વડય વિના વરીએ નહીં, આવી જાય ભલે અંત;*

*ભાદર સરખી ભામની, કમરહંસ સરખો કંથ.* 335

*ભાદર જેવી ભામની, કમરહંસ કંથ કોઈ;*
*હંસલી જેવી હોય, તો કમરહંસ વિ'વા કરે.* 336

*ભાદરકાંઠાની ભેંશ ભલી, વેણુ ગાય વખાણ;*
*કાઠિયાવાડની કામની, બરડા ચંગો જુવાન.* 337

*જોબન મદમાતી બહુ, હાલે ઢળકતી ઢેલ;*
*ભાદરઆરે જળ ભરે, ત્રાંબા પિત્તળ હેલ.*338

**<u>ટીલોરી</u>**

*ત્રણ હાથની ટીલોરી, ઝાઝો ગારો ઝીંકયો;*
*લધારામને ખભે ખડિયો, રોંઢા સુધી રોકયો.* 339

*ટીલોરી પગ તરી હાલજો, કાં ગોતજો આરો;*
*પાણી તો છે પીંડી સુધી, ગળાબૂડ છે ગારો.* 340
*ભાદર, ઓઝત, નદિયું ભારે, ગારૂં એનું ઢીલું;*
*ચમાસાના ચાર મહિના, ટીલોરીને ટીલું.* 341

**<u>ગોમતી</u>**

*ગોમતીએ ઘૂંઘટ તાણિયા, રોયા રણછોડરાય;*
*મોતી હતું તે રોળાઈ ગયું, માણેક ડુંગરમાંય.* 342

**<u>શેતલ(શેત્રુંજી)</u>**

*વેણી ધોતી વીરડે, નમણી કંઈ કંઈ નાર;*
*ઘૂને ઘૂને ઘૂમતી, શેતલ ઈ સંભાર્ય.* 343

*ત્રોફેલ રૂડાં ત્રાજવાં, હાથે બબ્બે હાર્ય;*
*આલણ ધોતી ઓઢણું, શેતલ ઈ સંભાર્ય.*344

*દુઃખનો દરિયો દેવરો, જમતો રોટી જાર;*
*પાએલ તેં જળ પ્રેમનાં, શેતલ ઈ સંભાર્ય.* 345

**<u>ભોગાવો</u>**

*સમદર જયું છલકું દિયે, અઢળક ઉગાવો;*
*અમર પ્રેમ ઈતિહાસનો, નિરભે લીધેલ નીમ.*346

**<u>નાવલી</u>**

*નીરખી રૂડી નાવલી, શેલાં ને ભરીઅલ સીમ;*

*જમદ્રઢ જોગીદાસ જ્યાં, નિરભે લીધેલ નીમ.*[347]

*નારી હંદી નાત્યમાં, પંગતમાં પડિયો;*
*શેતલની સાથે ચડયો, ગાંડો ગાગડિયો.*[348-]

## (૫.૩.૧) સમુદ્રના દુહા

*સાહિત્યમાં વિશાળતાના પ્રતીક તરીકે સમુદ્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સમુદ્રને સામો કિનારો નથી, સમુદ્ર ક્યારેય માજા મૂકતો નથી અને સમુદ્રના પેટાળમાં (તળિયે) રત્નના ભંડારો પડ્યા છે - એવું લોકસમુદાય માને છે. એ જ ભાવનાને વ્યક્ત કરતા દુહા પણ મળે છે. દુનિયા આખીની નદીઓનાં પાણી સમુદ્રમાં જઈને સમાય છે પણ સમુદ્ર પોતાનું પાણી લઈને ક્યાં જાય ? નાના માણસ તો પોતાની પીડા ગમે ત્યાં રજૂ કરી શકે પણ સમજદાર માણસ પોતાની પીડા ક્યાં જઈને રજૂ કરે. કવિ સલાહ પણ આપે છે - સમુદ્રનું ખારું પાણી જોઈને મોઢું ફેરવવાની જરૂર નથી, એના પેટાળમાં તો રત્નના ભંડારો ભરેલા પડ્યા છે. મોટા માણસોના અનેક અવગુણો છતાં પણ તેનું જતન કરે છે. માછલીઓ અનેક અવગુણો કરે છતાં સમુદ્ર તેને જાકારો આપતો નથી, એ ભાવને વ્યક્ત કરતા સુંદર દુહાઓ અહીં મૂક્યા છે.*

*નવસેં નવાણું તણાં, જળ ઊછળતાં જાય;*
*(ઈ) સમદર જઈ સમાય, મોટા પેટમાં માનડા.*[349]

*છીપાં કહે સમુદ્રકો, કહ તુમસે લેત;*
*આશા હે અસ્માનકી, શોભા તુમકો દેત.*[350]

*જળ ખારો જોઈ, મરજીવા ફેરવ મ મોં;*
*તળિયાં તપાસી જો, તને કુબેર કંગાલ લાગશે.*[351]

*સજણ! ગુણ સમુદ્રસા, તર તર હક્કી તેણ;*
*અવગુણ બેટ ન સંભરે, રહું વિલંબી જેણ.*[352]

*નદિયું હાલી કરી, સમદરમાં સમાય;*
*સાગર કયાં સમાય, મોટપ મૂકી માનડા.*[353]

*જળ માછલિયું જાળવે, એમાં અવગણ કરે અપાર;*

*તો ય વડાને ન હોય વકાર, મહા સમદરને માનડા.*[354]

## (5.5) દુહામાં વૃક્ષો

*અનેક પ્રકારન વૃક્ષોથી આ પૃથ્વીનો પટ શોભી રહ્યો છે. વેદોમાં વૃક્ષોને સંતો કહ્યાં છે. તુલસી, વડ, પીપળો જેવાં વૃક્ષોને પવિત્ર ગણીને તેની પૂજા કરી છે. શુભપ્રસંગોએ આંગણે આંબા કે આસોપાલવનાં પાંદડાનાં તોરણો માંગલ્યનાં પ્રતીક ગણીને બાંધવામાં આવે છે - આમ આપણો વૃક્ષો સાથેનો સંબંધ સદીઓ જૂનો છે. ધોમધખતા તાપમાં વૃક્ષનો શીતળ છાંયડો ઠંડક આપે અને મધુર ફળોથી જીવનને રસપૂર્ણ બનાવે છે.*

*લોકસમુદાયને વૃક્ષોની કિંમત ખબર છે એટલે તો વૃક્ષોને પરોપકારી પુરુષો સાથે સરખાવવામાં આવ્યાં છે. ચંદન અને આંબા જેવાં વૃક્ષો દ્વારા પરોપકારી જીવનનો દૃષ્ટાંતબોધ આપ્યો છે. આંબા પર પથ્થર ફેંકનારને પણ આંબો તો મધુર ફળો જ આપે છે. ચંદનને કાપનાર કુહાડાને પણ ચંદન તો સુગંધ અર્પે છે. વૃક્ષમાંથી માનવ પરોપકારનો ભાવ શીખે માટે લોકદુહાઓમાં દૃષ્ટાંતબોધ માટે વૃક્ષોનો ઉપયોગ કર્યો છે. દુહાઓમાં પણ આંબો, ચંદન, વડ અંગેના સુંદર દુહાઓ મળે છે.*

### (૫.૫.૧) આંબાના દુહા

*આંબો અમૃત ઝાડ, પબેડો પોગે નહિ;*
*સુડાની પાડેલ શાખ, ભોંય પડી ભાવે નહિ.*[355]

*અંબ ફળે પરિવારસું, મહુ ફળે પત ખોય;*
*વાકો રસ જે કો પીએ, ઉનકી કારગત હોય.*[356]

*કર આંબો વેડે કરે, ઘણ શાખે ઘોડાય;*
*જાડા લિજ્જત ન જાય, મીઠપવાળી માનડા.*[357]

*સાજણ ! ફળજો અંબ જ્યો, વડ જ્યો વિસ્તરજો;*
*માસે વરસે જો મળો, રંગ હે કૈ રહજો.*[358]

*બીજ ઝીણો સારો ઘણો, પંખિયા પૂરણ આશ;*
*આંબાથી ભલો ઉંબર, ફળ તો બારે માસ.*[359]

### (૫.૫.૨) ચંદનના દુહા

*ચંદન તરુ સામટાં, એને કાપે કુહાડો;*
*(પછી) ફાડા કરીને ફાડે, (તોયે) દેખી ફોર્યું દેહળા.*[360]

**(૫.૫.૩)એરડોના દુહા**

*વૃક્ષ એરડ દીસે વરમ, પાન જબ્બર પોલાડ;*
*પણ ઝાલે સિંહલનાં ઝાડ, મેંગળ-ટલ્લા માનડા.*[361]

**(૫.૫.૪) અન્ય વૃક્ષોના દુહા**

*સાગ સીસમ ખાખરા, એનાં લળકે પાન લાંબા;*
*આ આંબલિયું આંબા, તને વાહર ઢોળે વીઝંરા.*[362]

## (5.6) દુહા પ્રાણીઓના

*પ્રાણીઓ સાથે માણસનો સંબંધ માનવસંસ્કૃતિ જેટલો જૂનો છે. માનવસંસ્કૃતિના ઉદયકાળે માણસ શિકાર કરી જીવન ગુજારતો હતો પરિણામે, પ્રાણીઓ તેનો આહાર હતાં. જેમ જેમ માનવસભ્યતાનો વિકાસ થતો ગયો તેમ તેમ પ્રાણીઓના અન્ય ઉપયોગ પણ શરૂ કર્યા. દૂધ માટે ગાય જેવા પ્રાણીનો ઉપયોગ કર્યો, તો ખેતી માટે અને વજન ઊંચકવા માટે બળદનો ઉપયોગ કર્યો. ઝડપી પરિવહન માટે ઘોડા અને યુદ્ધ સમયે અન્ય યોદ્ધાના ઘાથી બચવા માટે હાથીનો ઉપયોગ શરૂ કર્યો. હિંસક પ્રાણીઓના ભયના લીધે તેને દેવ ગણીને પૂજવાની શરૂ કરી.*

*માણસને કુદરતની અસીમતા અને વિરાટતા સમજવામાં ન આવી એટલે ધર્મની અને ઈશ્વરની કલ્પના કરવામાં આવી. પ્રાણીઓમાં પણ માણસે દેવીય અંશ હોવાની કલ્પનાઓ કરવા માંડી, એના લીધે દેવી-દેવતાઓનાં વાહન તરીકે પ્રાણીઓને મૂકવામાં આવ્યાં. સાહિત્યમાં વિશેષ સ્થાન મળ્યું છે - સિંહ, ઘોડો, ગાય, હાથી, સાપ જેવા પ્રાણીઓને. પ્રાણીઓ વિશેના દુહાઓ અહીં મૂક્યા છે.*

**(૫.૬.૧) સિંહના દુહા**

*શૌર્ય અને શક્તિના પ્રતીક તરીકે સાહિત્ય અને વ્યવહારજીવનમાં સિંહનો ઉલ્લેખ કરવામાં આવે છે. અન્ય પ્રાણીઓનાં ટોળાં હોય પણ સિંહનાં ટોળાં હોતાં નથી. સિંહ ભૂખે મરી જાય પણ ક્યારેય ઘાસ ખાતો નથી કે બીજાએ મારેલા શિકારને ખાતો નથી. દુહામાં સિંહ શક્તિ, ખાનદાની, નેકટેક અને વીરના પ્રતીક તરીકે આવે છે. ખાનદાન વ્યક્તિની ઓળખ આપવા માટે કવિ કહે,*

'સિંહને સો ઉપવાસ થાય તો પણ ઘાસ ખાતો નથી એ જ રીતે ખાનદાન - સજ્જન ગમે તેવા કપરા સંજોગો આવે તો પણ ખરાબ કામ કરતો નથી.' વીરપુરુષની ઓળખ આપતાં કહે, 'સામાન્ય પ્રાણીઓનો તો ગમે તે શિકાર કરે પણ સિંહનો શિકાર કોઈ કરી શકતું નથી. વ્યંગ તો ત્યાં જોવા મળે ભવાની પણ સિંહનો ભોગ માગતી નથી.' એ જ રીતે સિંહ જે રસ્તેથી ગયો હોય તે રસ્તા પરનું ઘાસ હરણો ચરતાં નથી. સિંહની અસામાન્યતા બતાવતા કવિ કહે - બકરીનાં સો બચ્ચાં તો પણ તે બિચારાં છે, સિંહનું તો એક જ બચ્ચું ઘણું છે. આ ભાવને રજૂ કરતા દુહાઓ અહીં મૂક્યા છે.

કૂકડ બચાં આઠ જણે, આઠેય બીચારાં;
સિંહણ તો એક જ જણે, એકેઈ હજારાં. 363 ·[1]

લાંઘણ સોંતો લાય, મગદળ કુંજર મારવા;
કે દિ' ખડ નવ ખાય, સાચું સોરઠિયો ભણે. 364

કરે કુંભાથળ કેસરી, ઘણ બળ પંજા ઘાવ;
પણ દેડકાં ઉપર દાવ, ખેલે ન સાવઝ ખીમરા. 365

બબરી સિંહનું બાળ, પાળો લાવો પ્રેમથી;
કો'ક દિન આણે કાળ, મટે નઆદત મુગલા. 366

હાકલ દીએ હીરણ્યામાં, એની રાવળ સુધી રાડય;
સિંહણ જાયો છેડતાં, વડી વમાસણ થાય. 367

લાલર, તેતર, લાર એને હર કોઈ હાકા કરે;
સાવઝના શિકાર, કરવા મુશ્કેલ રાજિયા. 368

સિંહને સાચી આખડી, પર માર્યો નવ ખાય;
ત્રીજી ફાળે ન આપડે, ભાગ્યાં લારે નહ જાય. 369

કેસર ચંદન નિજ કુરંગ, ચારણ સિંદૂરને સિદ્ધ;
એતા નગર ના નીપજે, એ પહાડમાં જ પ્રસિદ્ધ. 370

·[1]બાકર બચ્ચાં લાખ, લાખે ય બિચારાં;
સિંહણ બચ્ચું એક, એકે હજારાં. 380

*રહે ભૂખ્યો વનરાજ, અલબત્ત ઘાસ ન ખાય;*
*ઘાલે હાથળ ઘાવ, મેંગળ ઉપર મોતિયા.* 371

*પાંચ સાત લાંઘણ પડે, સિંહ ઘાસ ન ખાય;*
*વૃત્તિ ન બદલે વીરની, સતી શરણ નહીં થાય.* 372

*જે મારગ કેસરી ગયો, રજ લાગી તરણાંય;*
*ઈ ખડ ઊભા સૂકશે, નહીં ચાખે રહણાંય.* 373

*કહેક કૂધો જ્યાં કેસરી, ખડગ ખડકિકયાહ;*
*મૌન ખડો એકટંગિયો, જયું જોગંધરો ગવાહ.* 374

*મે ગાજે સાહજ મરે, જેને આઠે મહિનાની આશ;*
*નો જીવે નજરાજ, સિંધુ ગડગડતે સુરાઉત.* 375

*કળજગ આવ્યો ઠાકરો, જગત બધી જાણ;*
*સાવઝની પથારીએ, શિયાળીયાં મોજું માણે.* 376

*સિંહ સંગમ, મર્દ બચન, કેળ ફળે એક વાર;*
*ત્રિયા તોરણ હમીર હઠ, ચડે ન દુજી વાર.* 377

*સાદુળો વન સંચરે, કરણ ગયંદા નાચ;*
*પ્રબળ સોચ ભમરા પડે, હંસા હોય હુલાસ.* 378

*ગજ હણવાના ગર્વથી, અધિક કરે ઉતપાત;*
*સાવઝ તું શૂરો ખરો, તદપિ તામસ તાત.* 379

*ધર ધીંગી ગરવો ધણી, માઢુ ધીંગામજ્જ;*
*નકલંક કેસરી નીપજે, ધીંગા ખોખડધજ્જ.* 381

*શિખામણ સિંહકો દિયે, શિખામણ ઈસકો સુહાય;*
*શિખામણ બંદરકો ન દિયે, અપના ઘર લૂંટાય.* 382

મિટે ન સેજ સ્વભાવ, જહિ બિધિ જિનકું દહયો;
દેખત સિંહન દાવ, ગર્ભ ત્રોડી કુંજર ગ્રહયો. 383

નીચી દ્રષ્ટિ નવ કરે, મોટો જે કહેવાય;
સિંહ લાંઘણ કરે, (પણ) તૃણ નવ ખાય. 384

મોળો તોય મહિપત, રાંક પણ સત્તાધીશ;
સૂતેલો તોય કેસરી, ઊંઘેલો પણ કૃણિશ. 385

ગંદુ પણ ગંગાજળ, દિવસ ભલે રજયુક્ત;
સાંકળિયો પણ સિંહ, નિર્ધન તોય રાજપૂત. 386

શૂરવીર કે વંશમેં, શૂરવીર સૂત હોય;
જ્યું સિંહન કે ગર્ભસે, કુરંગ ન નીપજે કોય. 387

કેસરકેશ, ભૂજંગમણિ, મેળવવા જ મથંત;
સતીશિયળ ને કૃપણધન, મૂવાં હાથ પડંત. 388

ચીલે ચીલે ગાડી ચલે, ચીલે ચલે કપૂત;
તીનહી ચીલે ના ચલે, અશ્વ, શેર,સપૂત. 389

સિંહનીકો એક ભલો, ગજદલ ગંજનહાર;
બહુત તન કિસ કામકે,શુક્તિનય હજાર. 390

તું જાયો સિંહણ તણો, કે'વાણો સિંહણ કંથ;
ભડ ભારથ ભીડતાં, પાછો ન પડે પંથસિ. 391

કંથ મ જાઓ કવલખે, સિંહ છેડયો મ જાય;
સિંહણજાયો છેડતાં, વડી વસામણ થાય. 392

પંજાળો લાંબે પને, માથું ઝોળા માણ;
જમદ્રઢ ગરેડા જાણ, જમૈયા નળે જડયા. 393

એક જ વને વસવા છતાં, એવડું અંતર કાંય ?

*સિંહની કોડી નવ મળે, મેંગળ લાખે વેચાય.* [394]

*મેંગળ ગળે બંધાવીને, જ્યાં લઈ જાય ત્યાં જાય;*
*સિંહ સહે આ પરાભવ, (તો) દસ લાખ વેચાય.* [395]

*સાદુળો પીંજર પડયો, ભૂલે ન આપસ્વભાવ;*
*જદ જદ અવસર સાંપડે, દુગના દેવે દાવ.* [396]

*પોતાના પગ ઉપરે, જેને ભરોસો ઘણો;*
*સાવઝ ન સંઘરે, કાલનું ભાતું કાગડા.* [397]

*સિંહ વસે વન રાહ, કીણ મૃગયા મૃગપતિ કિયો;*
*જોરાવર જગ જાહ, રહે ઉરે ધગત રાજિયા.* [398]

*તેતર લવા બટેર ઓર, સસ્સા સૂર શિકાર;*
*ઈનમેં રજપૂતી નહીં, નામ સિંહણ રખનાર.* [399]

*જે હાથે હાથી હણ્યા, મેડક કેમ હણાય;*
*કામિની કહે કંથડા, તે તો સિંહણ દૂધ લજાય.* [400]

*બળિયાથી સૌ કોઈ બીએ, નિરબળને નડાય;*
*વાઘ તણો માગે નહીં, ભોગ ભવાની માય.* [401]

*સિંહણ શયન કરે સુખે, સુતવનનો સરદાર;*
*ભારે વહે ગર્દભા, દશ બચ્ચાં જણનાર.* [402]

## (૫.૬.૨) અશ્વના દુહા

*યુદ્ધમાં અને ઝડપી પરિવહન માટે ઘોડાનો ઉપયોગ કરવામાં આવતો. જાતવાન ઘોડો અસવારનું મિત્રની જેમ રક્ષણ કરે. વીરગતિ પામેલા યોદ્ધાનું શબ ઘોડાને માર્યા પછી જ લઈ શકાય. આવનાર આપત્તિને ઘોડો સારી રીતે ઓળખી શકે તેવી ઘોડામાં દૈવી શક્તિ હોય છે. આવી બધી માન્યતાઓ અને તથ્યો ઘોડા સાથે જોડાયેલાં છે. અપભ્રંશમાં તો 'સાલહોત્ર' નામનો ગ્રંથ ઘોડાનાં ગુણ લક્ષણો પર લખાયેલો છે.*

જે પ્રાણી માણસની સૌથી નજીક હોય તેની કવિતા મળે. ઘોડો, કેકાણ, અશ્વ, હય, તેજી, તોરીંગ, તોખાર, તુરંગ, તુરી વગેરે ઘોડા માટેના સમાનાર્થી શબ્દો છે. જે ઘોડાનું જીવનમાં સ્થાન બતાવે છે. આ સિવાય કવિતામાં ઘોડાના ગુણદોષ, ઘોડાની જાતો વગેરે વિશે પણ સવિસ્તાર બતાવવામાં આવ્યું છે.

ઘોડો ઘોડેસવારથી શોભે અને ઘોડેસવાર ઘોડાથી શોભે. હલામણ જેઠવાનું વર્ણન કરવા માટે લખાયલો દુહો, ‘કાળો ઘોડો, કાળો પહેરવેશ અને હાથમાં ભમ્મર ભાલું એવો આપણા ગામની બજારમાં જેઠવાને મેં જોયો.’ પ્રસ્તુત દુહામાં ઘોડેસવાર જેટલું જ મહત્ત્વ ઘોડાને પણ આપવામાં આવ્યું છે. પ્રેમીઓએ ઘોડાની નિંદા અને સ્તુતિ આ રીતે કરી છે, ‘ઘોડા તારામાં ગુણ અને અવગુણ બન્ને સાથે છે. દૂર હોય તેને નજીક લઈ આવે છે અને ફરી દૂર પણ લઈ જાય છે.’

વર્તમાન સમયે જેટલું મહત્ત્વ વાહનોને આપવામાં આવે છે એના કરતાં અનેક ગણું વધારે મહત્ત્વ મધ્યકાળમાં ઘોડાને આપવામાં આવતું. દુહામાં પણ ઘોડાના ગુણ, સ્વભાવ, જાત, સ્વામીભક્તિ અને ઘોડેસવારના જીવનમાં ઘોડાના મહત્ત્વના સુંદર દુહાઓ મળે છે.

તોરી જોબન તેર, ધોરી આઠ ધરા;
ત્રિયા જોબન ત્રીસ, ધીએ પેટ ભરાં. 403

વહુવર મારો બેટડો, તોં સગુણીરો કંથ;
કાં ઘોડારે ઘૂમરે, કાં ગેમર ગજદંત. 404

કધણીએ કામન રોવે, કઅસવારે કેકાણ;
બેયનો બાટીરાણ, ભવ બગડયો ભૂંડાઈનો. 405

તેજી ચમકે ચાબુકે, કડાં અવાજે ભૂત;
વધઘટ ભાળે વાણિયો, રીડ પડયે રજપૂત. 406

ઘોડું ઘુંઘટ મીનજળ, લજકુળ અસ્ત્રિયાં;
એતાં માડી ન શીખવે, કૂદતાં કોરંગાં. 407

કાળો ઘોડો ને કાટવો, ભમ્મર ભાલું હાથ;
બાઈ આપણી બજારમાં, જોઈ જેઠવાની જાત. 408

ઘોડો ઘોડાને ઘાટ, અસવારે ઊણો નહિ;

*જેનું ભાલું ભરે આકાશ, મીટે ભાળ્યો માંગડો.* 409

*મોતી ભાંગ્યું વીંધતાં, મનડું વેણ ક્વેણ;*
*તોરી ભાંગ્યો ટેપાવતાં, સાંધો ન લિયે શેણ.* 410

*પાતળપેટાં ગજગતાં, કમ આહાર કમ શેષ;*
*એ તુરંગાં પાંચ ગુણ, એ તુરિયારા દોષ.* 411

*ધણ્ય ચંગી ચંગો ધણી, ચંગો માંગણહાર,*
*ચંગા તોરીગનો ચાડીકો, તું રૂઢે કિરતાર.* 412

*ધણ્ય બેરી, બેરો ધણી, મૂંગો માંગણહાર;*
*માઠા તોરીંગનો ચાડીકો, તું રૂઠે કિરતાર.* 413

*મેયું માંદણ ન મેલીએ, ઘોડાં રેઢાં નહોય;*
*પરણ્યાં પિયર ન વળાવીએ, એને જોખો હોય.* 414

*મેયું કુંજર મૂલિયાં, ઘોડાં પાંખું હોય;*
*કુંજ કોટાં સજ્જણાં, એને જોખો હોય.* 415

*સાંયા તારા શે'રમાં, ચીજાં અમૃત ચાર;*
*મેરી કેરી ને મેખડી, તુરંગ રૂપ અપાર.* 416

*ભોં ભીની ઘોડા ભલા, ડાબા ઉપડિયા;*
*કાં મરઘાનેણી માણવા, કાં ખગ વાવા ખડિયા.* 417

*રૂડો રણમલ રાજવી, રૂડો રણ તોખાર;*
*રૂડી ટોળી રાવતાં, સરજી સરજણહાર.* 418

*ઘણાં ઘોડાં હાંકિયા, સાંજોસાંજ સધીર;*
*તેરે મેરે મિલનકી, હો ચૂકી હમીર.* 419

*તીખા તુરંગ ન માણિયા, ભડ તરવાર ન ભગ્ગ;*
*એહ અવતાર એળે ગિયો, ગોરી લગી ન કંઠ.* 420

*ઘોડા તુજમે તીન ગુણ, અવગુણ પણ ભરપૂર;*
*છેટેથી ભેળાં કરે, પાછાં લઈ જા દૂરમદૂર.* 421

*ઘોડાંને ઘી પાતે, કામની કર ગ્રહીએ નહિ;*
*ચટકો દે ચડતાં, પારકાં પોતાના કરે.* 422

*કોઈ ઘોડો કોઈ પરખડો, કોઈ સચુંગી નાર;*
*સરજનહારે સરજિયા, તીનું રતન સંસાર.* 423

*ભોમ પરખ્ખો ઠક્કરા, બીજ પરખ્ખો અન્ન;*
*ભોં વિણ ભલાં ન નીપજે, નર તુરીને અન્ન.* 424

*સોરઠી દુહો ભલો, કપડો ભલો સફેદ;*
*નારી નવ લક્ષણી ભલી, અશ્વ ભલો કુમદે.* 425

*શ્વેત અશ્વ સ્પંદન સહિત, કહો શ્રીકૃષ્ણ અર્જુન;*
*મહદ શંખ ફૂંકન લગે, પાંડવ યુદ્ધ વિપુન.* 426

*જેણે મહેસર માગિયા, કણ ભરિયા કોઠાર;*
*ઘર ઘોડાં લખમી ઘણી, જો ત્રૂઠા જડધાર.* 427

*યુદ્ધકલામાં અશ્વનું, અગ્રસ્થાન સોહાય;*
*ક્ષાત્રધર્મની પાલના, હયથી અધિક મનાય.* 428

*હયસ્વારીથી સર્વદા, તન મન બળ વિકસાય;*
*શૌર્ય અને સમતોલતા, સંસ્કારો પોષાય.* 429

*હલે પણ હાલે નહિ, રૂંધે વગડે રાત;*
*મર્ય ઘોડા માબાપ ! કર્ય ચારણનો છૂટકો.* 430

*હાથ થાકયા પગ થાકયા, જીભનો વળ્યો બૂકડો;*
*હવે મર્ય ઘોડા માબાપ! ચારણનો કર્ય છૂટકો.* 431

*સાંકડ ઠાણાં બાંધણાં, આછા નીરણ ઘાસ;*
*પચની પીને તબડકી, તુરંગનો કરે વિનાશ.* 432

*ત્રણ રંગના ચાંદલાં, પીળા કાળા હોય;*
*એ તો જાણે અંજની, ઘણી હરે નહિ કોય.* 433

*ધોળા ચારે ચરણ, મુખવટો ધોળો રિયો;*
*પંચકલ્યાણી વરણ, શુકનિયાળ સબળો ભલો.* 434

*આસન ખોઈ ઘોડલો, વાઘ કાંતિયો હોય;*
*એવા ખોડીલા ઘણા, સોદો કરે ન કોય.* 435

*એક જાત્ય ચતુરાજની, ખોડ અને ખાવણ;*
*લંકોગઢ ઉજ્જડ કર્યો, મરાવ્યો'તો રાવણ.* 436

*મહા ખોડયનો ઘોડલો, માથે શિંગડિયો;*
*ધણી બળુકો હોય, પણ પર પાજે પડિયો.* 437

*ભમરા પીઠે પડખમાં, બેય કોરના એય,*
*સપન ગાંઠની ખોડનો, દુઃખ ધણીને હોય.* 438

*પૂછ મૂળ પાણી ઝમે, ખોડે મધુરાસવ;*
*એ તો ભૂંડો સાવ, નાશ કરે રખવાળનો.* 439

*ધોળો પાટો પીઠમાં, નાગ અશ્વનું નામ;*
*ધણી મરે તો એ મરે, એવું એનું કામ.* 440

*પરી પૂંછ દાંડી કરે, સમુ મા'રાજની ખોડ;*
*ભાંગે મનના કોડ, ધણી થાય ભિખાળવો.* 441

*દીઠો ભમરો પૂંછડે, પૂંછા વરતી નામ;*
*એના બેહણહારના, સરે ન એકે કામ.* 442

*તેં કાઠયો અરિયોં તણો, ઘોડાં હાંકીને ઘાણ;*

ઘોઘામાં ધમસાણ, મારુ મે'પત મોખડો.[443]

## (૫.૬.૩) અન્ય પ્રાણીઓના દુહા

*માણસે પોતાની રોજિંદી જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પ્રાણીઓનો આશરો લીધો છે. દૂધ, ચામડું, ખેતીકામ, પરિવહન માટે પ્રાણીઓનો ઉપયોગ કરતો આવ્યો છે. જેમ જેમ પ્રાણીની ઉપયોગિતા માણસને સમજાતી ગઈ તેમ તેમ તેનામાં પૂજ્યતાનો ભાવ પણ આરોપણ કરવામાં આવ્યો. આર્યોએ ગાયને પવિત્ર ગણીને પૂજી છે કારણ કે ગાય તેને ઘણી ઉપયોગી હતી. આજે પણ આપણે ગાયને માતાનું બિરુદ આપીએ છીએ.*

*યુદ્ધભૂમિમાં અન્ય લડનારથી સલામત અંતર રાખવા માટે હાથીનો ઉપયોગ કરવામાં આવતો. આ સિવાય હાથી જેવું મોટું પ્રાણી પાળવું એ સામાન્ય માણસનું ગજું નથી. હાથીની આ વિશાળતા સમૃદ્ધિનું પ્રતીક ગણવામાં આવે છે. હાથીનો રાજર્ષિ ઠાઠ અને અંબાડી રાજા કે અન્ય પદાધિકારીની શોભાયાત્રામાં સ્થાન પામતી. આ તમામને જોતાં સાહિત્ય કે લોકસાહિત્યમાં હાથી સમૃદ્ધિના પ્રતીક તરીકે આવતો, તેના સુંદર દુહાઓ મળે છે.*

*ખેતી કે પશુપાલન કરતા માણસને હંમેશા હિંસક અને ઝેરી પ્રાણીઓનો ડર રહેતો. ભયના લીધે આ પ્રાણીઓ સાથે પવિત્રતા કે પૂજ્યતાનો સંબંધ બંધાયો છે. સાપ - નાગની સાથે માણસે પૂજ્યતાનો સંબંધ બાંધીને પૂજા કરી છે. નાગ વિશેની કથાઓ અને માન્યતાઓનો પાર નથી, જેમ કે, નાગ પાસે ધનનો ભંડાર હોય છે, નાગમણિથી લોખંડને સોનામાં બદલી શકાય, નાગદેવ સ્વરૂપે દર્શન આપે વગેરે. નાગનો ડર ઓછો કરવા માટે પણ કહ્યું છે, નાગ ક્યારેય ગુસ્સે થઈને કરડતો નથી અને નાગના દોષમાં આવવાથી જો કરડે તો તેના ઝેરમાંથી બચવું પણ એટલું જ મુશ્કેલ છે. અહીં આ જ ભાવને વ્યક્ત કરતા ગાય, હાથી અને નાગના દુહાઓ મૂક્યા છે.*

**ગાય**

*ગાયે ખડ વાંહે ગળ્યું મોતી મારુરા;*
*હિંદુ હાલેના, (એનું) પેટ કાપવા સૂરિયા.*[444]

**હાથી**

*માતો સાંઢ મછરાળ, ફોળે ઉકરડા ફડે;*
*પણ વંકો ગઢ વેરડા, કુંજર ગોડે કાનડા.*[445]

*પાડા લાદા પરખ, નાકર મુખમાં નાડી;*
*પણ ઓપે અંબાડી, મેંગળ માથે માનડા.*[446]

**<u>સાપ</u>**

*નાગમગાને નાગ, ક્રોધથી કરડે નહિ;*
*પડે અજાણે પગ, સર પર જો સૂરિયા.*[447]

*નાગને કંડિયે નાંખિયે, હાથી કબજે હોય;*
*કીડી પાંજર હોય, સુણ્યું નો'તું સૂરિયા.*[448]

*કરડે વીંછી કૈંક, દુઃખ દીએ ઘડી બે ઘડી;*
*ઊગરે સોમાં એક, મણિધર ડસતાં મુગલા.*[449]

*કોઈ ઈલમથી આવે નહિ, કરંડિયે કાકીંડા;*
*જશ સુણતા જાડા, મણધર રીઝે માનડા.*[450]

## <u>(5.7) દુહામાં પક્ષીઓ</u>

*પક્ષીઓના રંગ અને ટહુકાએ માણસને પોતાના તરફ આકર્ષિત કર્યો છે. ઘરઆંગણે આવતા પક્ષીઓ જીવનનો એક ભાગ છે. કાગડો, કોયલ, મોર, પોપટ, કુંજ, પારેવાં (કબૂતર), સુઘરી, બપૈયો, હંસ જેવાં પક્ષીઓ માણસની નજીક રહ્યાં છે. પક્ષીઓ પોતાના સ્વભાવને લીધે સાહિત્યમાં પ્રતીક બનીને આવે છે. કોયલ અને મોરનો કંઠ, કાગડાની પરપીડનવૃત્તિ, કબૂતરનું ભોળપણ, બપૈયા અને સારસની તડપન, પોપટનું બુદ્ધિચાતુર્ય, કુંજના પ્રવાસે માણસને પ્રભાવિત કર્યા છે. પક્ષીઓ આગળ માણસે પોતાનું હૃદય પણ ખોલ્યું છે. પરદેશથી આવતી કુંજને વાલમ સુધી સંદેશો લઈ જવા વિનંતી કરી છે. એકલી પડેલી નાયિકા વર્ષામાં મોરને ટહુકા કરવાની ના પાડે છે. સાસરીમાં દુઃખી જીવન જીવતી સ્ત્રી માટે પારેવડી શબ્દપ્રયોગ જ કેટલું સૂચવી જાય છે. આ પક્ષીઓ વિશેના દુહાઓ અહીં મૂક્યા છે.*

### <u>(૫.૭.૧) કોયલના દુહા</u>

*વાન કાળો અને કામણગારો કંઠ કોયલની ઓળખ છે. કોયલનો મીઠો કંઠ એના કાળા વાનને ઢાંકી દે છે. સાહિત્ય અને લોકસાહિત્યમાં કોયલ મધુરભાષી વ્યક્તિનું પ્રતીક બનીને આવે છે. મીઠાબોલો માણસ સંસારમાં સૌનું મન જીતી લે છે. આ વાત સ્પષ્ટ કરતા દુહામાં લખ્યું છે,*

*'કોયલ અને કાગડો બને કાળા છે પણ કોયલ મીઠું બોલીને મનને જીતે લે છે, જ્યારે કાગડો કર્કશ વાણીને લીધે તિરસ્કાર પામે છે.' કોયલ અને કવિનો સંવાદ દુહામાં આકર્ષક બનીને આવ્યો છે. કવિ કોયલને પૂછે છે, 'કોયલ તું તો મીઠું બોલનારી છે છતાં તારું શરીર કાળું શું કામ અને આંખો રાતી શું કામ થઈ ગઈ છે ?' કોયલ તેનો સુંદર જવાબ આપે છે, 'જ્યારથી પ્રિયતમથી છૂટી પડી ત્યારથી મને ચેન પડતું નથી, તડપી તડપીને મારો રંગ કાળો થઈ ગયો છે અને રડી રડીને આંખો લાલ થઈ ગઈ છે.' આ દુહાઓનું પાઠાંતર પણ મળે છે. દુહાઓમાં કોયલ મધુરભાષી વ્યક્તિ અને પ્રેમીના પ્રતીક કે દૃષ્ટાંતબોધ માટે આવે છે. તેના સુંદર દુહાઓ અહીં મૂક્યા છે.*

*કંઠે વડી કોયલ, કોયલને રૂપ ન દિયો;*
*રૂપે વડો મોર, મોરને પાઉં ન દિયો.* 451

*કોયલ તુમેં અમીત ગુણ, બોલત મીઠે વેણ;*
*કાહુ શરીર કાળો ભયો, કાહુ રાતે નેન.* 452·1

*જબ સાજણ બિછડ ગયે, તા દિનસે નહિ ચેન;*
*કલપત રંગ કાળો ભયો, રોત હિ રાતે નેન.* 454 ·2

*વન જરિયા હરિયા હુવા, આંબે આંબે મોર;*
*કૂક કૂક કર કોયલી, કરત પિયા બિન સોર.* 456

*હરિયા વનકી કોયલાં, હરિયા વનકા મોર;*
*મન જરિયા હરિયા કરે, બોલ બોલ નિસ ભોર.* 457

*કોયલ કેરીના ચખે, શ્રાદ્ધ કાગનો જોગ;*
*ભાગ્ય બીના કહાં સે મિલે, બડી વસ્તુંનો ભોગ.* 458

*અમે કોયલ તમે કાગ, ભેણીની ભેળપ નહિ;*
*ઘડીકનો ઘરવાસ, દાઝવું પડે દેગમશી.* 459

---

·1 *કોયલ સાદ સકમળો, બોલત ચંગા વેણ;*
*કયે અવગુણે કાળી હુઈ, કયે ગુણે રાતાં નેણ.* 453

·2 *કલપત કલપત કાળી હુઈ, રોઈ રોઈ રાતાં નેણ;*
*જે દિ'ની સમજણ પડી, તે દિ'ના સાભર્યાં સેણ.* 455

ભમરો વ્યાકુલ મધ વિના, કોયલ વિના વસંત;
તિયાં વ્યાકુલ દરશન વિના, જીવન વિના ભગવંત.[460]

.

કોયલડીને કાગ, વાને વરતારો નહિ;
જીભડીએ જવાબ, સાચું સોરઠિયો ભણે.[461]

કોયલને કેમ મારિયે, આંબાની રખવાળ;
મારિયે હરામી સૂડલો, (જે) વણ ફોડયાં ફલ-ખાય.[462]

કાગા કિસકાં ધન હરે, કોયલ કિસકું દેત;
એક જીભ કે કારને, જગ અપનો કરી લેત.[463]

## (૫.૭.૨) કાગડાના દુહા

કાગડો કર્કશ અવાજને લીધે તિરસ્કાર પામ્યો છે. પણ હિંદુધર્મમાં કાગડાનો પણ આદર થયો છે. કાગવાણીને શુભ માનવામાં આવે છે. ઘરે અતિથિ કે પ્રિય વ્યક્તિ આવશે તેનો સંકેત કાગવાણી દ્વારા મળે છે. એટલે વિરહિણી નાયિકા તો કાગડાને દૂધપૂરી જમાડવા તૈયાર થાય છે. ઘર પર દરરોજ કાગડો બોલતો હોય, પતિની રાહ જોઈને કંટાળેલી નાયિકા કાગડાને ઠપકો પણ આપે છે. પણ સૌંદર્ય તો એ દુહામાં પડ્યું છે, 'કાગડાને ઉડાડવા જતી નાયિકા પતિને આવતો જુએ અને અડધી બંગડીઓ નીચે પડી ગઈ અને આનંદના લીધે અડધી બંગડીઓ તૂટી ગઈ.' પતિ-પત્નીના મિલનનો સાક્ષી અહીં કાગ બને છે. આવા જ ભાવના દુહાઓ અહીં મૂક્યા છે.

ગર્ય લાગી ગૂડા ગળ્યા, પેટે વધ્યો પિયો;
કાગા ભણજો કુંવરને, રાણે ચાંચઈ રિયો.[464]

ખિંવે નિમાણી આંખડી, બોલે કાગ નિલજ્જ;
સો કોસાં સાજન બસે, સો કિમ આવે અજ્જ.[465]

કાગ ઉડાવણ ધણ ખડી, આયો પીવ ભડક્ક;
આધી ચૂડી કાગ ગલ, આધી ગઈ તડક્ક.[466]

નહિ વલોણું વાસમાં, નહિ પરભાતી રાગ;
નાગમદેના નેસમાં, કાળો કળેળે કાગ.[467]

*કળકળ કરશે કાગ, ઘૂમલીનો ઘુમટ જશે;*
*અંગડે લાગો આગ, રાણા તારા રાજમાં.* 468

## (૫.૭.૩) હંસના દુહા

*હંસ સજ્જનના પ્રતીક કે રૂપક તરીકે દુહામાં આવે છે. સફેદ રંગ, ઉત્તમ ભોજન અને નીરક્ષીર અલગ કરવાની શક્તિના લીધે હંસ સાહિત્યમાં આદર પામ્યો છે. હંસ અને બગલો દુહાસાહિત્યમાં એકસાથે આવે છે. બન્નેનો રંગ સફેદ, રહેઠાણ જળાશય પણ આચારવિચાર અલગ. હંસ મોતી ચણે અને બગલો માછલી ખાય. હંસ અને બગલો સજ્જન-દુર્જનનો ભેદ પાડવા માટે વપરાતાં રૂપકો કે પ્રતીકો છે.*

*લોકદુહામાં ક્યાંક હંસ સજ્જન અને બગલો સ્વાર્થી વ્યક્તિના રૂપક તરીકે એકસાથે આવે છે. બગલા સાથે આવતો હંસ સજ્જનનું રૂપક બને પણ જળ સુકાતાં ઊડી જતો હંસ સ્વાર્થી વ્યક્તિનું રૂપક બને છે. આ ઊડી જતા હંસને પણ કવિ સલાહ આપે છે, 'હે હંસ ! એવા સરોવરને સેવીએ જેની પાળ ઊંડી હોય એટલે જીવનમાં એવા વ્યક્તિઓનો સંગ કરીએ જે સમજદાર હોય.' આ દૃષ્ટાંતબોધને કવિએ હંસના રૂપક દ્વારા સુંદર રીતે આપણી સમક્ષ મૂક્યો છે.*

*આપણા ભક્તિ સાહિત્યમાં હંસ આત્માના રૂપક તરીકે આવતો હોવાથી વ્યક્તિને ઉદ્દેશીને જ્યાં વાત કરવાની થતી હોય ત્યાં હંસ એવું સંબોધન કરવામાં આવે છે. એટલે લોકસાહિત્યમાં હંસ વિશેના ઘણા દુહાઓ મળે છે.*

*ઊંડું સરોવર એક, મોતીનાં ખાવણ મળે;*
*હંસને વાલું હેક, માન સરોવર મોતિયા.* 469

*હંસા બગલા એક રંગ, માન સરોવર માંહી;*
*બગલા ઢૂંઢે માછલી, હંસા મોતી ચાહી.* 470

*હંસ શ્વેત બગ શ્વેત છે, પણ બેમાં છે ફેર;*
*હંસ ભક્ષ મોતી કરે, બગ મીન મેંડક વેર.* 471

*હંસા સાયર સેવીએ, જેની જળ બરોબર પાળ;*
*ઓછો રાજા ન સેવીએ, એના ઉચાળા અંતરિયાળ.* 472

*હંસા સાયર મનાવીએં, કરીએં હાથા જોડ;*

જેનાથી રૂડા લાગીએં, એથી તાણી મ ત્રોડ.[473·1]

હંસ હેડી હલ ગઈ, તૂટી હૈયાની સાથ;
વહેલું મળજો મોત, જીવ્યું જીવાય નઈ.[475]

હંસા તહાં ન જાઈએ, જહાં આદર નહિ ભાવ;
બગ કગ,કગ બગ,કગ બગ કગગ કહાય.[476]

હંસલા હાલુ હાલુ થયા, પાંખડિયું પસારે;
આ સરોવર સારો નહિ, નવું નિહાળિયે.[477]

હંસા પ્રીત કાહેકી, વિપત પડયે ઊડ જાય;
સાચી પ્રીત સેવાળકી, જળ સાથે સુકાય.[478]

હંસકુ સરોવર ઘણા, પુષ્પ ઘણા ભમરેશ;
સજ્જનકું સજ્જન ઘણા, દેશ હોય કે પરદેશ.[479]

બગલા બાર હજાર, માનસરોવર મળ્યા.
(એમાં) કોટાળો કિરતાર, હંસ ન ભાળું હલામણો.[480]

વીસળી વારી જીવ દાં, મળી હું ખીર માન;
ગોલણ હંસ સમો ગણાં, કરો જૂજવા કામ.[481]

હંસા સો સર સેવીએ, જો ભરિયલ નિષ્કલંક;
માઠા સરને સેવીએ, નિશ્ચે ચડે લકંક.[482]

હંસ તરંતો પરખિયેં, પાણી નદી વહંત;
સોનું કસીને પરખિયેં, માણસ વાત કહંત.[483]

હંસા તો તબલગ ચૂગે, જબ લગ દેખે લાગ;
લાગ વિહોણા જે ચૂગે, હંસા નહિ કાગ.[484]

---

·[1] હંસા સાયર મનાવી લે,ઢૂંકડો છે ત્યાં ધોડાય;
જેસુ સારા દીસીએ, તેસું તાણી મ ત્રોડ.[474]

દૂધ નીર મિલે દોય, એક જિસી આફત હુઆ;
કરે ન ન્યારા કોય, રાજહંસ વિણ રાજિયા. 485

દાદુ હંસ મોતી ચૂગે, માનસરોવર ન્હાય;
ફીર ફીર બેસે બાણડા, કાગ કરંક ખાય. 486

આવે નહિ ઈલોળ, બોલન ચાલન કી બિધા;
ટીટીડીની ટોળ, રાજહંસની રાજિયા. 487

સુન્ને સરોવર હંસ મન, મોતી આપ અનંત;
દાદુ ચુગ ચુગ ચાંચ ભર, યું જન જપે સંત. 488

ઊંડો સમદર અથાહ, મોતીના વખાણ મિલે;
હંસને વાલું હેક, માનસરોવર મોતિયા. 489

દીઠી પાળ તળાવની, હંસા બેઠા આય;
પ્રીત પુરાની કારણે, ચુગ ચુગ કંકર ખાય. 490

હંસા તો સરોવરને રટે, ઘનકું રટે જ મોર;
હમ તુમસે મિલના રટે, જૈસે ચાંદ ચકોર. 491

હંસા અમને હેત, સમદર સા ઊભરાય;
બાળોતિયાના બળેલ, વેણે વેણે દુભાય. 492

હંસા સાયર સેવીએ, જેની શીતળ છાંય;
ઓછે વાસે ન વસીએ, અદ્ધર ઉચાળાય. 493

સરોવર ઘણું સંભારશો, હંસા મેરામણ ગિયે;
ભેળાં ત્યાં નથી જાણતા, જાણશો જૂજવાં થિયે. 494

હંસા સરોવર ના તજો, જે જળ ખારો હોય;
ડાબર ડાબર ડોલતો, ભલાઈ કહેશે કોય. 495

દધિસુત કામની કર લિયે, હંસ કરન પ્રતિપાલ;

બીચ ચકોર હી ચુગે લિયે, કારન કૌન જમાલ.496

અંતર ધરી યકીન, સદ્‌વિદ્યા સજ્જન ગ્રહી;
(જેમ) પીએ દૂધ પ્રતિદિન, મરાલ જળ તજી મુગલા. 497

અવગુણ સંગ ગુણ એમ, સજ્જન ઝટ શોધી લીએ;
જળ તજી પીએ પય, જેમ મરાલ પક્ષી મુગલા. 498

માનસરોવર માંય, હંસ બગ સાથે રહે;
મરાલ મોતી ખાય, મીન ભખે બગ મુગલા. 499

## (૫.૭.૪) મોરના દુહા

મોર એના ટહુકા અને રૂપના લીધે લોકસાહિત્યમાં આદર પામ્યો છે. મોર વિશેષ તો પ્રેમીઓ સાથે જોડાયેલું પક્ષી છે. ચોમાસુ આવતાં મોરની પ્રણયક્રિયા શરૂ થાય છે. માર્દવ ભરેલા ટહુકાથી મોર ઢેલને બોલાવે. મોરના આ ટહુકા પ્રેમીઓના હૃદયની આરપાર નીકળી જાય. જેનો પતિ પરદેશ ગયો છે અને વર્ષાઋતુ આવવા છતાં નથી આવ્યો તેવી સ્ત્રી માટે મોરના ટહુકા અસહ્ય થઈ જાય છે. હોથલપદ્મિણી (હોથલ પદમણી)ની વાર્તામાં ઓઢાજામ અને હોથલને છૂટા પડવાનું કારણ મોર બને છે. હોથલ અને મોરનો સંવાદ લોકસાહિત્યના બેનમૂન દુહાઓ છે. હોથલ મોરને બોલવાની ના પાડે, ધમકી પણ આપે કારણ કે મોરના ટહુકા સાંભળીને ઓઢો ઉદાસ થઈ ગયો છે. મોર હોથલને સરસ પ્રત્યુત્તર આપે છે, 'અમે ડુંગરના રાજા, કાંકરીઓ ચણીને પેટ ભરીએ પણ અમારી ઋતુ આવે અને ન બોલીએ તો અમારાં હૈયાં ફાટી જાય.' આમ ચોમાસુ અને મોર, મોર અને પ્રેમીઓનો સંબંધ લોકસાહિત્યમાં ભરપૂર ગાવામાં આવ્યો છે. એના દુહાઓ અહીં રજૂ કર્યા છે.

મારીશ તને મોર, ભાથાથી ચડાવીને;
મારા ચિતના ચોર, ઓઢાનાં મન તે ઉદાસ કર્યાં.500

મોર કહે અમે ડુંગરવળના રાજિયા, કાંકર ચણી પેટ ભરાં;
મારી રતેના બોલું, તો હાડકાં ફાટી મરાં. 501 ·૧

મત તું બોલ મોરલા, ઊડીબેસ ખજૂર;
થાને જળથળ ઢુંકડો, આવે વાલમ દૂર. 503

પ્રીત ભલી પારેવડાં, રૂપે રૂડો મોર;
પ્રીત કરીને પરહરે, ઈ માણસ નહિ પણ ચોર.[504]

મીઠાં બોલે મોર, ગહકી છૂટયો ગોખમાં;
(પણ) જુવતીનાં શાંજોર, વિહારી નામ વગોવશે.[505]

તુંબાજડ નદિયાં લહર, બકપંક્તિ ભર બથ્થ;
મોરાં શોર મામુલિયાં, શ્રાવણ લાયો સથ્થ.[506]

કોટે મોર કણુકિયા, વાદળ ચમકી વીજ;
રૂદાને રાણો સાંભર્યો, આવી અષાઢી બીજ.[507]

ગર મોરાં, વન કુંજરાં, આબાંડાળ સુવા,
સેણ કવચન, જનમ ભોમ, વિસરશે મૂવા.[508]

જાણે કળાયેલ મોર, શંકરસુત સેનાનીનો;
ડોળિયા તારી જોડ, દેશ ન લાધે દાદવા.[509]

શિર કાટું મેઊ મોરિયા, કાઢું શિરનું ફૂલ;
ગળતી રાતે ગહેકિયો, હૈડે લાગી હૂલ.[510]

કુસટિયાની કોર, મરું પણ મેલું નહિં;
મરીને સરજું મોર, ઝાંપોદરને ઝાડવે.[511]

## (૫.૭.૫) પોપટના દુહા

પોપટ પોતાના રંગ અને કંઠના લીધે લોકસમુદાયમાં આદર પામ્યો છે. પોપટનું ભોજન પાકેલાં ફળ છે, આ વસ્તુને જીવન સાથે જોડીને સુંદર દુહા લખ્યા છે. યૌવનના ઉંબરે ઊભેલી નાયિકા ખીલેલા યૌવનને માણવા માટે નાયકને સંદેશો મોકલાવે તેમાં પોપટનો ઉલ્લેખ કરે છે, જેમ

[1]અમે જંગલરા મોરલા, કાંકણ ખુણચરાં;
ઋતુ ન આવે બોલસાં, હૈડે ફાટ મરા.[502]

*કે ઢોલા-મારુની કથામાં આવતો દુહો, જેમાં મારુ ઢોલાને સંદેશો મોકલવા માટે પોપટને કહે છે, 'હે પોપટ ! મારું મન હવે ક્યાંય લાગતું નથી તો તું ઢોલાને આવવાનું કહેજે.' આ રીતે પ્રેમની ભાવના રજૂ કરવા માટે પોપટને મૂકવામાં આવે છે. તેના સુંદર દુહાઓ મળે છે.*

*પોપટ હોય તો પઢાવીએ, સૂડાને ન હોય સાન;*
*મધદરિયે મેલી કર્યા, બાનરા ! કેનાં બાન ?*[512]

*પોપટ કોયલ બોલ, થોડો પણ લાગે ઘણો;*
*વૃથા ગુમાવે તોલ, બહુ બોલીને મેડકા.*[513]

*પોપટ પારેવાં તણી, રાણા રમત્યું મેલ;*
*ધણ આવ્યું ધણસેર, વેગડ ના'વી વાછરા.*[514]

*પીળી પાંખર પોપટા, તું જઈ ઢોલાને કહે;*
*મન મારું ઊંચું કર્યું, છાંયા કાંઉ ન રહે.*[515]

*કોયલને કેમ મારીએ, આંબાની રખવાળ;*
*મારીએ હરામી સૂડલો, વણફેડેલાં ખાય.*[516]

*વૈશાખે મા મોરિયાં, ને મોર્યા દાડમ દ્રાખ;*
*એ વન સૂડલા ચગમગે, (ને) કોયલ મધરા રાગ.*[517]

*શુકપિક લાગે સવાદ, તલ થોડો હી ભાખાણો;*
*વૃથા કરે બકવાદ, ભેડ લવે જયું ભેરિયા.*[518]

## (૫.૭.૬) કુંજના દુહા

*પરદેશમાંથી પ્રવાસ કરીને આવતી કુંજો અને તેનો દર્દભર્યો કુંજારવ સાથે અનેક કલ્પનાઓ લોકસમુદાયે જોડી છે. પરદેશથી પાછા ન આવેલ પતિ સુધી સંદેશો પહોંચાડવા માટે નાયિકા કુંજને વિનંતી કરે, કુંજ પણ સંદેશો પોતાની પાંખ પર લખાવીને લઈ જવા હા કહે છે. પતિને મળવા માટે વ્યાકુળ થયેલી નાયિકા કુંજ પાસે પાંખ માગે છે. પતિને મળીને કુંજને પાંખો પાછી આપી દેવાનું વચન આપે છે. ચોમાસા પછી આવતી કુંજોને જોઈને પતિ વર્ષ થવા છતાં હજુ નથી આવ્યો તેનો ખ્યાલ આવતાં નાયિકાની આંખો ભરાઈ આવે છે. માની મમતાને રજૂ કરતો કુંજ અને શિકારીનો સંવાદ તો આકર્ષક અને હૃદયદ્રાવક છે. શિકારી કુંજને પકડે છે. કુંજ શિકારીને વિનંતી કરે - અમે જ્યારે ઘરેથી નીકળ્યાં ત્યારે અમારા બચ્ચાની આંખો નો'તી ખૂલી, એક વખત અમને અમારા*

બચ્ચાના મોઢા જોઈ આવવા દે, પછી તું અમારું ચામડું ચીરી નાખજે. આ દુહાઓમાં માની મમતા હૃદયદ્રાવક રીતે રજૂ થઈ છે.

દુહામાં કુંજ પ્રેમી સુધી સંદેશો પહોંચાડવા માટે દૂત, વિરહિણી નાયિકા કે માની મમતાને રજૂ કરવા માટે આવે છે. કુંજના દુહાઓ અહીં મૂક્યા છે.

ઊંચું આભ ચડી, કરલાય કુંજાંજી;
ભોમંડળ ભમી, હંસ ન ભાળું હેમીઆ.519·1

કુંજે વાદળ વીંધિયાં, ઊડીને ઊપડિયું;
બચલાં મેલ્યાં બેટમાં, પાપી પેટડિયું.520

વીર શિકારી સાંભળ્યે, અમ દુઃખની ઠાઠડિયું;
પોટા પરદેશણ તણા, જોશે વાટડિયું.521

નો'તી અમ બચ્ચાં તણી, આંખ્યું ય ઊઘડિયું;
જાવા દેને જીવતી, એની જોવા મુખડિયું.522

ડોકડિયું લાંબી કરી, કકળે કુંજડિયું;
ઊડીને પાછા આવશું, પછી ચીરજે ચામડિયું.523

કુંજડિયું ટોળે વળી, જાયે દસ ને વીસ;
પરણ્યો જેનો ઘરે નહિ, તેની ગોરી થાંયે ઈસ.524

કુરજાં દ્યોને પાંખડી, થાકો વિનો વહેસ;
સાયર લાધી પિવ મિલું, પિવ મિલિ પાછી દેસ.525·2

મ્હેં કુંરજા સરવર તણી, પાંખા કિણ હી ન દેસ;
ભરિયાં સર દેખી રહાં, ઊડ આઘેરી વહેસ.526

530·1 કરલાઉં કુંજાજી, ઊંચે ચડી અંકાશમાં;
પછી જમી સહુ જોઉં, હંસ ન ભાળું હેમીઆ.

·2 કુંજા તું મારી બોનડી, પંખ ઉધારી દે;
પરવત જાંગાં પિયુ મળાં, પિયુ મળ્યે પાછી લે.547

*ઉત્તર દિસિ ઉપરા રિયાં, દખન સામહિયાંહ;*
*કુરજાં એક સંદેશડો, ઢોલાને કહિયાંહ.*527

*પાંખે પાની ધહરઈ, જલ કાલી ગહિલાય;*
*સજણા તણાં સંદેશડા, મુખબચને કહિલાય.*529

*કુંજડિયા કલરવ કિયો, ઘર પાછલે બનાંહ;*
*સૂતી સાજન સાંભર્યાં, દૂહ દૂહ ભરિયા નેણાંહ.*

*માણસ હવાં તો મુખ ચવાં, મ્હે છાં કુંજડિયાંહ;*
*પિયુ સંદેશો પાઠવીશ, લિખ દે પાંખડિયાંહ.*528[1]

*અંબર કુંજા કરલિયા, ગરજિ ભરે સબ તાલ;*
*જિનકે ગોવિંદ બિછડી, તિનકા કૌન હવાલ.*531

*કુંજડિયાં કુરલા રહી, ગુંજ ઊઠે સબ તાલ;*
*જિનકી જોડી બિછડી, તિનકા કૌન હવાલ.*532

*વિરહિણી કુરલે કુંજ જ્યું, નિસ દિન તડફડ જાય;*
*રામ સનેહી કારણે, રોવત રેન બિહાય.*533

*બાબલ તાલ ફુડાય દે, કુંજા દે મરવાય;*
*મંદર કાળા નાગ જ્યું, ઝાલા દે દે ખાય.*534[2]

*નગર હુંદી નારિયું, કુંજાજી કરલાય;*
*વાઢ દીએ વોળદાનિયો, માઢ બજાર માય.*535

---

[1] *મારૈં ઈ મેં નહીં માણસા, મેં સાં કુંજડિયા;*
*સેણાં કેરો સંદેશડો, લખ્યને પાંખડિયા.*546
[2] *બાબલ તળાવ ફોડ દો, મર પાણી વહી જાય;*
*આધી આધી રે નરી, કુંજડિયા કરલાય.*

*તૂં છૈ થે કુંજા ભાયલી, તું છૈ ધરમકી ભૈણ;*
*એખ સંદેશો યે બાઈ મ્હારો, લે ઊડો જી મ્હાંકા રાજ.* 536

*સાણે વીજું સાટકે, નાંદીવેલે નેસ;*
*કુંવર બચ્ચું કુંજનું, બેઠી બાળે વેશ.* 537

*માતાની શેતલ સુકાણી, નિર્જળ નદી નવાણ;*
*આભેથી ફોરૂં ન પડ્યું, કુંજડી ગઈ મેરાણ.* 538

*કુંજડી ગઈ મેરાણ, તે નિસાસો નાખી;*
*સુકાણાં પાન ને વનરા, થઈ ઝાંખી.* 539

*જીમ જીમ સાજણ સંભરઈ, તીમ તીમ લાગે તીર;*
*કુંઝું પાંખે ઊડિયું, મે ઊડું દસ તીર ?* 540

*કુંજડિયા કલરવ કિયો, ઘર પછવાડે કંગ;*
*સૂતા સાંજણ સાંભર્યાં, કરવત વેરે અંગ.* 541

*કુંજડિયા કલરવ કિયો, બેઠી પંખ છવાઈ;*
*જાકી જોડી બીછડી, નીસ દિન નીંદ ન આઈ.* 542

*કુંજડિયા કલરવ કિયો, સરવર પહેલે તીર;*
*ભરિ નીસી સાજણ સાંભર્યાં, નયણે વ્રહા નીર.* 543

*કુંજી એક સંદેશડો, વાલમને કહિયાંહ;*
*જોબન હાથી જાગિયો, અંકુશ લઈ ઘર આય.* 544

*કુંજી મુના પાંખ દે, ઊડી ઈડરગઢ જાઉં;*
*રણમલ રમે સોગઠે, ઈહાં પંખે છાંહ કરાઉં.* 545

## (પ.૭.૭) પારેવાં (કબૂતર)ના દુહા

*ઘરઆંગણે આવતાં પક્ષીઓમાં કબૂતર માણસની નજીકનું પક્ષી છે. ઘુમ્મરી ખાઈને ઊડતું અને લાલ આંખો નશાની યાદ વધારે અપાવે. કબૂતરની માદક લાલ આંખો સાથે નાયિકાને પોતાના*

પ્રેમીની આંખો વધારે સુસંગત લાગે છે. કબૂતરની બેલડી પ્રેમીઓની યાદ અપાવે તેવી હોય છે. કબૂતર ક્યારેય એકલું હોતું નથી. કવિ કબૂતરને પ્રશ્ન પૂછે છે, 'કબૂતર તેં કૂવામાં વાસ શું કામ કર્યો ?, કબૂતર જવાબ આપે છે - કૂવાની ઉપર અજવાળું અને અંદર પાણી ભર્યું છે, જે જીવન છે. પ્રકાશ અને જીવન વિના થોડું જ ચાલવાનું છે ?' જવાબ કેટલો આકર્ષક છે. કબૂતર અંગેના દુહાઓ અહીં આપ્યા છે.

પારેવાજી રત્તિયું, સરજી પાંસરિયું;
ઘાટે કસૂંબે ઘુંટિયું, સાજનજી આખિયું. 548

પારેવડા પરભાત, કોઈ ઘૂમે ને ઘેરા વળે;
દડો દોટાવણહાર, લીધે જા લાડઘેલડી. 549

સંદેશા વિન પાઠવૈ, મરિસ્યુ હૈયાફૂડ;
પારેવાકા ઝૂલ જ્યું, પડવે આંગણ ત્રૂટ. 550

કબૂતર તું અદ્ભુત, ઘાયલ જ્યૂં ઘુમત ફિરે;
બનમેં થોડા રૂખ, કિણ કારણ કૂવે પડે ? 551

પગ ટૂંકાં પારેવડાં, બેસંતાં બેલાડ;
જોડાળું એવું જડે, લખિયું હોય લેલાટ. 552

પ્રીત ભલો પારેવલો, ઊડતાં મારે ઉલાંટ;
સરખે સરખી જડે, લખિયું હોય લલાટ. 553

પ્રીત ભલો પારેવલો, રૂપ ભલેરો મોર;
પ્રીત કરી પતળે, (ઈ) માણસ નહિ પણ ઢોર. 554

પટુ પાંખે ભખુ કાંકરે, સદા પરેઈ સંગ;
સુખી પારેવા જગતમેં, એક તુંહી વિહંગ. 555

હોલો બેઠો એ ઝાડ વંઠયું; કૂવો વંઠયો કબૂતર બેઠું;
ઘર વંઠયું ભગતડું પઠું, કાયા વંઠી કારૂડું પેઠું. 556

પારેવા ને વૃજપતિ, મરાય નહીં માણા;

*દન દન ચણ દાણા, દેવા જોવે દેહળા.* 557

*પૂછું તને પારેવા, કાં કર્યો કૂવામાં વાસ ?*
*ઉપર મુખ ઊજળા, ભીતર જળ આભાસ.* 558

*પારેવું પરભાત, ઘૂમે ને ઘેરી લિયે;*
*દડો દોટવણહાર, કોઠો વટાવ્યો કાનમેર.* 559

## (૫.૭.૮) બપૈયાના દુહા

*વરસાદની આતુરતાથી રાહ જોતું પક્ષી બપૈયો. પ્રેમીની આતુરતાથી રાહ જોતી નાયિકાની સ્થિતિ વર્ણવવા માટે બપૈયાનો રૂપક તરીકે ઉપયોગ થાય છે. ચોમાસુ આવતાં બપૈયો પિયુ પિયુ બોલવાની શરૂઆત કરે છે. જે સ્ત્રીનો પતિ નથી આવ્યો તેના માટે બપૈયાનો અવાજ અસહ્ય થઈ જાય છે. નાયિકાની સ્થિતિને રજૂ કરતો દુહો સુંદર છે. નાયિકા બપૈયાને કહે, 'બપૈયા તું અડધી રાતે પિયુ પિયુ બોલ મા, પતિની યાદમાં હું ધીમે ધીમે સળગતી હતી તેમાં તેં તો જાણે ફૂંક મારી દીધી.' કે પછી આગળ કહે, 'બપૈયા તું રાતે પિયુ પિયુ બોલ મા, કારણ કે કોઈ વિરહિણી જાગતી હશે તો પોતાનો જીવ આપી દેશે.' બપૈયાને લઈને લખાયેલા દુહાઓ અહીં મૂક્યા છે.*

*મે મે કરતા અમે, બપૈયા જેમ બોલીવીઆ;*
*નજર વિનાનો નેહ, બાધે નહિ બરડા ધણી.* 560

*બપૈયા થાને મારશાં, ન લે પિયુરો નામ;*
*આધિ રેનરો ઊઠયો, છોડ હમારા ધામ.*561

*બપૈયા કોયલ બોલિયા, તલખ્યાં મોરાં તે;*
*ઓતરખંડથી આવ્યાની, મોંઘામૂલા મે.* 562

*મન ચિત ચાતક જ્યું રટે, પિવ પિવ લાગી પ્યાસ;*
*દાદુ દરશન કારણે, પૂરો મેરી આસ.* 563

*ઘર ગોખાં પર બોલિયો, પપીહા તાહિ ઘડી;*
*કાગજ લિખતાં કંથને,કરસું કલમ પડી.* 564

*અરે પપીહા બાવરા, આધી રાત મ કૂક;*
*હળુ હળુ હું સળગતી, ત્યાં તેં મારી ફૂક.* 565

*બપૈયા પિયુ પિયુ ન કહિ, પિયુકા નામ ન લેય;*
*કોઈક જાગે વિરહિણી, તડક તડક જીવ દેય.* 566

*ઋતુ આવે વન કોળિયાં, તરવર દિસે પાંગરિયાં;*
*ઊડ બપૈયા ભર ચાંચમાં, મને વાલમ સાંભરિયાં.* 567

*બપૈયા તને મલશા, છોડય હમારા ગામ;*
*આધીરે નરો પુકારતો, લે લે પિયુરો નામ.* 568

## (૫.૭.૯) સારસના દુહા

*પ્રેમની અજોડ બેલડી તરીકે સારસ પ્રકૃતિની અંદર પ્રખ્યાત છે. સારસ બેલડીમાંથી એક સારસ મરી જાય તો બીજું સારસ પણ માથાં પછાડી પછાડીને મૃત્યુ પામે છે. સારસના પ્રેમની સરખામણીમાં બીજા કોઈને મૂકી શકાતા નથી. દુહામાં પણ આ જ વસ્તુઓ મુકાઈ છે. કવિ કહે છે, 'સારસનું રૂપ સુંદર અને અવાજ મધુર છે. સારસ મરે ત્યારે પણ સાથે બળે તેવો તેનો પ્રેમ છે.' નાયિકાને એકલી મૂકીને જતા નાયકને નાયિકા વિનંતી કરે છે, 'સારસીની જેમ હું તને વીનવું છું તો તું મને આમ એકલી મૂકીને ન જા.' આ ભાવના સુંદર દુહાઓ અહીં મૂક્યા છે.*

*સૂરા ! સારસ જેમ, બગવારે બેસી રિયો;*
*હોય તો કહેને હા, નહિ તો નાકરો ભલો.* 569

*રૂપ ઘણાં રાગ રૂડો, કાંઢે વાંળી વેણ;*
*મુએ તે ભેગાં બળે, સારસ જેવાં સેણ.* 570

*સારસ સાજી રાત, વલખે વાલમ જયું;*
*રહોને આજુ રાત, જોડી વછોડો મા જોગડા.* 571

*રાત સખી ઈણ તાલમેં, કાંઈ જ કુરલિ પંખી;*
*વા સર, હું ઘર આપણે, બેહુ ન મિલી અંટલી.* 572

*રાત જ સારસ કુરલિયા, ગુંજી રહે સબ તાલ;*

*જ્યાંરી જોડી બિછડી, જ્યાંરા કવણ હવાલ.* [573]

## <u>(૬.૭.૧૦) પક્ષીઓના દુહા</u>

*કોયલ, કાગડો, મોર, બપૈયો, પારેવાં, હંસ, કુંજ સિવાય આપણી આસપાસ બીજાં પણ કેટલાંય પક્ષીઓ જોવા મળે છે. જેમાં* <u>**ચક્રવાક**</u> *રાતે એકબીજાને જોઈ નથી શકતાં, પરિણામે સામસામે ટહુકા કરીને એકબીજાની હાજરીનો અનુભવ કરતાં રહે છે. તરણું તરણું ભેગું કરીને માળો ગૂંથતી* <u>**સુઘરી**</u> *એ માણસને ઘર કેમ બાંધવું તે સમજાવી જાય છે. કોઈ આળસ વગર, કેટલાય દિવસોની અથાગ મહેનત પછી, સુઘરી માળો ગૂંથે છે. ઊંચા આકાશમાં ફરતી* <u>**સમળી**</u> *નીચે ખોરાક લેવા આવે તેમાં કવિએ યુદ્ધભૂમિ અને વીરગતિ પામતા સૈનિકના શૌર્યને વણીને સુંદર દુહાઓ લખ્યા છે. સફેદ રંગ અને ધ્યાનની પાછળ રહેલું કપટ* <u>**બગલા**</u>*ના રૂપક દ્વારા આપણી સમક્ષ મુકાયું છે. બગલાનું કપટ પ્રથમ નજરે તો આપણને સજ્જન હોવાનો ભ્રમ કરાવે પણ જ્યારે માછલીને પકડે ત્યારે તે કપટ ખૂલી જાય છે. આ સિવાય ચકોર અને કુકડાના દુહા પણ મળે છે.*

### <u>(ચક્રવાક)</u>

*આડા ડુંગર ભોંય ઘણી, તિયાં મળજે એમ.*
*મનથી ખિયણ ન મેલીએ, ચકવી દિનકર જેમ.* [574]

### <u>સુઘરી</u>

*સુઘરિયું સગા, કોડે માળા કરતિયું;*
*ગૂંથ્થો ગોલણિયા, ધન્યો તળાજા ઘણી.* [575]

*ગોલણ માળો ગૂંથિયો, મન ગુંથાણો મોય;*
*નર અવરસુ ન હોય, નેડો નેત્રમ હુંદો.* [576]

*અંગ હાલે આળસ કરે, મોટી ખોટ વાનરા;*
*તરણે તરણે સુઘરી, આદરતી જ ઘરાં.* [577]

### <u>સમળી</u>

*ચે' માથે શકત્યું તણા, પાંખના પરહાર;*
*ભ્રખ લેવા આવી ભમે, માટી તારી મણસા.*[578]

*આ સમળિયું સરસર જાય, પાંખડિયું પસોરીને !*
*ગગન કરે ઘમસાણ, રાખાયત રણમાં રિયા.*[579]

**<u>બગલો</u>**

*મન મેલા તન ઉજળા, બગલા કપટી રંગ;*
*તાતેં તો કૌઆ ભલા, તન મન એક રંગ.*[579]

*મન મેલા તન ઉજળા, એક પાંવ દો ધ્યાન;*
*મેરે મન કોઈ સાધ હૈ, બડી કપટ કી ખાણ.*[580]

**<u>ચકોર</u>**

*મીઠા બોલાને મનહરા, ચાવાને ચકોર;*
*આવો આપણે મળીએ, જનમના કોરાધાકોર.*[581]

**<u>કુકડો</u>**

*કયું કરલ્યો રે કૂકડા, ગળતી માંઝલ જોગ;*
*વિહંગ થાને વીંટયો, વાઘા તણો વિજોગ.*[582]

*કેવાય પંખી કૂકડો, તે પણ જાણે ટેમ;*
*પણ કળે નહિ કટેમ, મૂરખ નર કોઈ માનડા.*[583]

## <u>(૫.૭.૧૧) પક્ષીઓ સાથે જોડાયેલ શુકન-અપશુકનના દુહા</u>

*માણસનું માનવું છે કે એની આસપાસ બનતી સારી-ખરાબ ઘટનાઓની જાણ પ્રકૃતિને આગળથી થઈ જાય છે. માણસ કરતાં પ્રાણીઓ અને પક્ષીઓમાં કુદરતને ઓળખવાની શક્તિ વિશેષ હોય છે. માણસ સાથે ઘટનારી ઘટનાઓની ઘટનાનો સંકેત પક્ષીઓ આપી દે છે. પક્ષીઓનું બોલવું, આડે ઊતરવું તેમાંથી માણસે શુકન-અપશુકન તારવ્યાં છે. 'ખીમરો અને લોડણ' લોકકથામાં ખીમરાના મૃત્યુની જાણ લોડણને પક્ષીઓના અપશુકન પરથી થઈ જાય છે. કાગવાણીથી*

*આપણે સૌ પરિચિત છીએ. કાગડો ઘરે મહેમાન આવવાના છે એવો સંદેશો આપે છે. પક્ષીઓ સાથે જોડાયેલાં શુકન-અપશુકનના થોડા દુહાઓ અહીં મૂક્યા છે.*

*વીજાણંદ હાલી નીકળ્યો, પોઠીડા પલાણ્યે;*
*ડાબો થાને ગણેશ, વીજાણંદ પાછો વળે.* 584

*ડાબી ભેરવ કળકળે, જમણાં જાંગલ જાય;*
*લોડી ખંભાતણ ઈમ ભણે, આ સંઘ દ્વારકા ન જાય.* 585

*આજુની અધરાત, દો દો પંખી બોલિયાં.*
*વાલમ તમણી વાટ, ખોટી હોજો ખીમરા.* 586

*અવળે શકને આવિયાં, ડાબો ગણેશ થિયો;*
*મડી પરને મારગે, રાવલિયો રણમાં રિયો.* 587

*કળેળ મા તું કાગ, ગાંજે જે ગોલણ તણે;*
*હૈયા હજી મ ફાટય,નિસાસે નેત્રમ તણે.* 588

*ડાબી ભેરવ કળકળે, જમણા લાળી થાય;*
*તે શુકન જો ચાલીએ, નિશ્વે થાય કાળ.*589

*તેતર પંખી વાદદી, વિધવા કાજળ રેખ;*
*વા વરસે વા ઘર કરે, વામેં મીન મેષ.* 590

## (૫.૭.૧૨) દુહા ભમરાના

*સાહિત્યમાં ભમરો ભોગી કે પ્રેમીના પ્રતીક તરીકે આવે છે. ભમરો એક ફૂલ પરથી બીજા ફૂલ પર ફરતો રહે અને ફૂલની સુગંધમાં મગ્ન બનીને ગુંજ્યા કરે. ફૂલની આસક્તિમાં જ તેનું મૃત્યુ થાય છે. કમળ પર બેઠેલો ભમરો સાંજ પડવા છતાં ત્યાંથી ઊડતો નથી એટલે કમળમાં કેદ થઈ જાય છે. ભમરી તેને વિનંતી કરે છતાં ગમતા ફૂલને તોડીને તેની બહાર નીકળવું ભમરા માટે મુશ્કેલ છે. રાત્રે કમળની સાથે હાથી ભમરાને પણ મારી નાખે છે. ભમરી અને ભમરાના સંવાદાત્મક સુંદર દુહાઓ મળે છે.*

ભોગી વ્યક્તિ એક સ્ત્રીને છોડીને બીજી સ્ત્રી પાસે જતો હોય છે તેના પર વ્યંગ કરવા માટે પણ ભમરાનો પ્રતીકાત્મક રીતે ઉપયોગ કરવામાં આવે છે. ભમરા અને ફૂલના સંબંધના પણ સુંદર દુહાઓ મળે છે. જે અહીં મૂક્યા છે.

હું ભમરો સલખ્ખણો, કરું ઘણેરા નેહ;
તે વાતુંનો સંદેહ બહુ, ખણખણ દાઝે દેહ. 591

બાગ નહિ, બગીચા નહિ, નહિ કસૂરો સંગ;
પ્રીત-વિછોયો ભમર, તે રિયો પછાડે અંગ. 592

ભમરા ભોરીંગ શિર ચડયે, કાં કાયર કંપે કાય;
જો રસ ચાખ્યો પ્રેમનો, (તો) પાછળ કાં પસ્તાય ? 593

ભૂલી તું તો ભમરલી, મારું મન મગરૂર;
બાંધ્યો તે હી છોડશે, રવિ ઊગમતે સૂર. 594

કંથા કુંજર આવિયો, કમળ લેવા કાજ;
(તો) પલમાં ત્રોડી પાંખડી, ઊડી નીકળ આજ. 595

મર્ય મરું, મર્ય મારતો, કુંજર કમળને કાજ;
કમળે કલેજું આપિયું, તો અંતર આપું આજ. 596

ભૂલ્યો તું તો ભમરલા, કમળને મન કૂડ;
કમળે કલેજું આપિયું, તો અંતર આપું આજ. 597

ભાખ્યમાં એવું ભમરલી, કમળને મન કૂડ;
હૈયું આપી જો હણે, ધીક ધીક પડે ધૂડ. 598

ભ્રમર વલૂંધો કમળસે, દોનું લગી પ્રીત;
ગજે પગ ધર્યા પગથિયે, શું થાશે જગદીશ. 599

ભમરો ભાંગી પાંખડી, ઊડે નહીં અબૂઝ;
સૂરજ છાયો વાદળે, સુખ હવે તું તજ. 600

*ભ્રમર વલૂંધો કમળસે, સજ્જણ મરંદો જોએ;*
*લેરે લેરે હી લોભીઓ, પ્રેમ ન છંડે તોએ.* 601

*જલ ઊંડો પીઅણમલી, ભ્રમર લીન બનીશ;*
*તજહો સજ્જણ પંખડી, તો ગજ આયો હે પાસ.* 602

*ભ્રમર પંખ લપેટિયો, કાયર કંપે કાંએ;*
*સેજ તણાં સુખ ભોગવે, મરણ નવ સેતાએ.* 603

*ભ્રમરી કાં અટવી ભમે, મદગર મૂવો મજાંણ;*
*જબ બાંધ્યો તબ છૂટશે, રવિ ઊગમતે ભાણ.* 604

*ભ્રમરા તું ગઅણગરો, દિસંતો નકલંક;*
*મેં મારા ચીર ચંપાડીઆ, તું નિસરી જા નિસણંક.* 605

*જારે વણજા વણજકર, ત્રણ કે'તાક ગાવશ;*
*ચંપાવરણી પાંદડી, ભ્રમર ભમતો આવશ.* 606

*આયાં હતી એક કેતકી, જલી દવકે સંગ;*
*પ્રીતવછોયા ભમરલા, ભભૂત લગાવે અંગ.* 607

*ભમરા દો દિન કઠણરા, સુખ દુઃખ હોયે અંગ;*
*જબ લગ તોહે કેતકી, બેસ મોરે અંગ.* 608

*મેં ભમરા મુલતાનકા, ફિર કભી ન આઉં;*
*જબ જલી ગઈ કેતકી, ઝૂરી ઝૂરી મર જાઉં.* 609

*જબ જલી ગઈ કેતકી, મધુકર જલ્યા ન સંગ;*
*પ્રીત નીભાવન કારણે, ભભૂત લગાવન અંગ.* 610

**<u>પ્રકરણ - ૬ સંદર્ભ સૂચિ</u>**


(1) *સોરઠી દુહાની રમઝટ*, પૃષ્ઠ 40

(2) એજન, પૃષ્ઠ 40
(3) દુહો દસમો વેદ, પૃષ્ઠ 12
(4) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 40
(5) એજન, પૃષ્ઠ 40
(6) એજન, પૃષ્ઠ 41
(7) દુહો દસમો વેદ, પૃષ્ઠ 12
(8) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 61
(9) દુહો દસમો વેદ, પૃષ્ઠ 12
(10) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 41
(11) એજન, પૃષ્ઠ 41
(12) દુહો દસમો વેદ, પૃષ્ઠ 41
(13) એજન, પૃષ્ઠ 42
(14) એજન, પૃષ્ઠ 12
(15) એજન, પૃષ્ઠ 43
(16) એજન, પૃષ્ઠ 43
(17) એજન, પૃષ્ઠ 13
(18) ગુજરાતી કહેવત સંગ્રહ, પૃષ્ઠ 352
(19) કાઠિયાવાડી જવાહીર, પૃષ્ઠ 24
(20) એજન, પૃષ્ઠ 25
(21) કાઠિયાવાડી સાહિત્ય, પૃષ્ઠ 19
(22) એજન, પૃષ્ઠ 19
(23) એજન, પૃષ્ઠ 53
(24) એજન, પૃષ્ઠ 54
(25) એજન, પૃષ્ઠ 54
(26) એજન, પૃષ્ઠ 54
(27) એજન, પૃષ્ઠ 54
(28) એજન, પૃષ્ઠ 54
(29) એજન, પૃષ્ઠ 54
(30) એજન, પૃષ્ઠ 54
(31) એજન, પૃષ્ઠ 54
(32) એજન, પૃષ્ઠ 54
(33) એજન, પૃષ્ઠ 54
(34) એજન, પૃષ્ઠ 54
(35) એજન, પૃષ્ઠ 54

(36) એજન, પૃષ્ઠ 54
(37) એજન, પૃષ્ઠ 55
(38) એજન, પૃષ્ઠ 55
(39) એજન, પૃષ્ઠ 55
(40) દુહો દસમો વેદ, પૃષ્ઠ 533
(41) કાઠિયાવાડી જવાહીર, પૃષ્ઠ 28
(42) એજન, પૃષ્ઠ 29
(43) એજન, પૃષ્ઠ 29
(44) કાઠિયાવાડી સાહિત્ય, પૃષ્ઠ 20
(45) એજન, પૃષ્ઠ 20
(46) એજન, પૃષ્ઠ 20
(47) એજન, પૃષ્ઠ 55
(48) એજન, પૃષ્ઠ 55
(49) એજન, પૃષ્ઠ 55
(50) એજન, પૃષ્ઠ 55
(51) એજન, પૃષ્ઠ 55
(52) એજન, પૃષ્ઠ 55
(53) એજન, પૃષ્ઠ 55
(54) એજન, પૃષ્ઠ 56
(55) એજન, પૃષ્ઠ 56
(56) એજન, પૃષ્ઠ 56
(57) એજન, પૃષ્ઠ 56
(58) એજન, પૃષ્ઠ 56
(59) એજન, પૃષ્ઠ 56
(60) એજન, પૃષ્ઠ 56
(61) એજન, પૃષ્ઠ 56
(62) દુહો દસમો વેદ, પૃષ્ઠ 517
(63) એજન, પૃષ્ઠ 517
(64) એજન, પૃષ્ઠ 517
(65) એજન, પૃષ્ઠ 517
(66) એજન, પૃષ્ઠ 518
(67) એજન, પૃષ્ઠ 533
(68) એજન, પૃષ્ઠ 590
(69) એજન, પૃષ્ઠ 590

(70) એજન, પૃષ્ઠ 505
(71) એજન, પૃષ્ઠ 586
(72) કાઠિયાવાડી સાહિત્ય, પૃષ્ઠ 20
(73) એજન, પૃષ્ઠ 20
(74) એજન, પૃષ્ઠ 20
(75) એજન, પૃષ્ઠ 20
(76) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 25
(77) સોરઠી ગીતકથાઓ, પૃષ્ઠ 35
(78) એજન, પૃષ્ઠ 36
(79) એજન, પૃષ્ઠ 36
(80) દુહો દસમો વેદ, પૃષ્ઠ 631
(81) સોરઠી ગીતકથાઓ, પૃષ્ઠ 39
(82) એજન, પૃષ્ઠ 39
(83) દુહો દસમો વેદ, પૃષ્ઠ 588
(84) એજન, પૃષ્ઠ 588
(85) એજન, પૃષ્ઠ 588
(86) એજન, પૃષ્ઠ 587
(87) એજન, પૃષ્ઠ 542
(88) એજન, પૃષ્ઠ 585
(89) એજન, પૃષ્ઠ 586
(90) એજન, પૃષ્ઠ 586
(91) એજન, પૃષ્ઠ 58
(92) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 20
(93) એજન, પૃષ્ઠ 35
(94) સોરઠી ગીતકથાઓ, પૃષ્ઠ 21
(95) દુહો દસમો વેદ, પૃષ્ઠ 631
(96) એજન, પૃષ્ઠ 631
(97) એજન, પૃષ્ઠ 590
(98) એજન, પૃષ્ઠ 590
(99) એજન, પૃષ્ઠ 587
(100) એજન, પૃષ્ઠ 587
(101) એજન, પૃષ્ઠ 587
(102) એજન, પૃષ્ઠ 588
(103) એજન, પૃષ્ઠ 588

(104) *એજન,* પૃષ્ઠ 588
(105) *એજન,* પૃષ્ઠ 588
(106) *એજન,* પૃષ્ઠ 588
(107) *એજન,* પૃષ્ઠ 588
(108) *એજન,* પૃષ્ઠ 587
(109) *એજન,* પૃષ્ઠ 587
(110) *એજન,* પૃષ્ઠ 587
(111) *એજન,* પૃષ્ઠ 587
(112) *એજન,* પૃષ્ઠ 587
(113) *એજન,* પૃષ્ઠ 587
(114) *એજન,* પૃષ્ઠ 533
(115) *એજન,* પૃષ્ઠ 586
(116) *એજન,* પૃષ્ઠ 586
(117) *એજન,* પૃષ્ઠ 572
(118) *સોરઠી ગીતકથાઓ,* પૃષ્ઠ 35
(119) *એજન,* પૃષ્ઠ 36
(120) *એજન,* પૃષ્ઠ 62
(121) *એજન,* પૃષ્ઠ 123
(122) *એજન,* પૃષ્ઠ 21
(123) *કાઠિયાવાડી સાહિત્ય,* પૃષ્ઠ 49
(124) *એજન,* પૃષ્ઠ 56
(125) *એજન,* પૃષ્ઠ 56
(126) *એજન,* પૃષ્ઠ 56
(127) *એજન,* પૃષ્ઠ 56
(128) *એજન,* પૃષ્ઠ 56
(129) *એજન,* પૃષ્ઠ 57
(130) *એજન,* પૃષ્ઠ 57
(131) *એજન,* પૃષ્ઠ 57
(132) *એજન,* પૃષ્ઠ 57
(133) *એજન,* પૃષ્ઠ 57
(134) *એજન,* પૃષ્ઠ 57
(135) *એજન,* પૃષ્ઠ 57
(136) *એજન,* પૃષ્ઠ 57
(137) *એજન,* પૃષ્ઠ 57

(138) એજન, પૃષ્ઠ 57
(139) દુહો દસમો વેદ, પૃષ્ઠ 590
(140) એજન, પૃષ્ઠ 590
(141) એજન, પૃષ્ઠ 591
(142) એજન, પૃષ્ઠ 591
(143) એજન, પૃષ્ઠ 591
(144) એજન, પૃષ્ઠ 591
(145) એજન, પૃષ્ઠ 591
(146) એજન, પૃષ્ઠ 591
(147) એજન, પૃષ્ઠ 591
(148) એજન, પૃષ્ઠ 591
(149) એજન, પૃષ્ઠ 591
(150) એજન, પૃષ્ઠ 591
(151) એજન, પૃષ્ઠ 592
(152) એજન, પૃષ્ઠ 592
(153) એજન, પૃષ્ઠ 592
(154) એજન, પૃષ્ઠ 592
(155) એજન, પૃષ્ઠ 589
(156) એજન, પૃષ્ઠ 589
(157) એજન, પૃષ્ઠ 589
(158) એજન, પૃષ્ઠ 589
(159) એજન, પૃષ્ઠ 589
(160) એજન, પૃષ્ઠ 589
(161) એજન, પૃષ્ઠ 589
(162) એજન, પૃષ્ઠ 589
(163) એજન, પૃષ્ઠ 589
(164) એજન, પૃષ્ઠ 590
(165) એજન, પૃષ્ઠ 590
(166) એજન, પૃષ્ઠ 590
(167) એજન, પૃષ્ઠ 590
(168) એજન, પૃષ્ઠ 590
(169) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 68
(170) એજન, પૃષ્ઠ 69
(171) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 41

(172) દુહો દસમો વેદ, પૃષ્ઠ 46
(173) એજન, પૃષ્ઠ 586
(174) એજન, પૃષ્ઠ 593
(175) એજન, પૃષ્ઠ 593
(176) એજન, પૃષ્ઠ 593
(177) એજન, પૃષ્ઠ 593
(178) એજન, પૃષ્ઠ 593
(179) એજન, પૃષ્ઠ 593
(180) એજન, પૃષ્ઠ 593
(181) એજન, પૃષ્ઠ 593
(182) એજન, પૃષ્ઠ 593
(183) એજન, પૃષ્ઠ 593
(184) એજન, પૃષ્ઠ 593
(185) એજન, પૃષ્ઠ 594
(186) એજન, પૃષ્ઠ 594
(187) એજન, પૃષ્ઠ 594
(188) એજન, પૃષ્ઠ 594
(189) એજન, પૃષ્ઠ 594
(190) એજન, પૃષ્ઠ 594
(191) એજન, પૃષ્ઠ 594
(192) એજન, પૃષ્ઠ 594
(193) ગુજરાતી કહેવત સંગ્રહ, પૃષ્ઠ 37
(194) દુહો દસમો વેદ, પૃષ્ઠ 317
(195) એજન, પૃષ્ઠ 179
(196) એજન, પૃષ્ઠ 179
(197) એજન, પૃષ્ઠ 179
(198) એજન, પૃષ્ઠ 180
(199) એજન, પૃષ્ઠ 180
(200) એજન, પૃષ્ઠ 180
(201) એજન, પૃષ્ઠ 180
(202) એજન, પૃષ્ઠ 180
(203) એજન, પૃષ્ઠ 180
(204) એજન, પૃષ્ઠ 228
(205) એજન, પૃષ્ઠ 182

(206) એજન, પૃષ્ઠ 182
(207) એજન, પૃષ્ઠ 182
(208) એજન, પૃષ્ઠ 182
(209) એજન, પૃષ્ઠ 182
(210) એજન, પૃષ્ઠ 182
(211) એજન, પૃષ્ઠ 182
(212) સોરઠી ગીતકથાઓ, પૃષ્ઠ 85
(213) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 49
(214) દુહો દસમો વેદ, પૃષ્ઠ 174
(215) એજન, પૃષ્ઠ 174
(216) એજન, પૃષ્ઠ 174
(217) એજન, પૃષ્ઠ 175
(218) એજન, પૃષ્ઠ 178
(219) એજન, પૃષ્ઠ 178
(220) એજન, પૃષ્ઠ 179
(221) એજન, પૃષ્ઠ 179
(222) સોરઠી ગીતકથાઓ, પૃષ્ઠ 11
(223) એજન, પૃષ્ઠ 11
(224) એજન, પૃષ્ઠ 46
(225) કાઠિયાવાડી જવાહીર, પૃષ્ઠ 84
(226) દુહો દસમો વેદ, પૃષ્ઠ 175
(227) એજન, પૃષ્ઠ 171
(228) એજન, પૃષ્ઠ 180
(229) એજન, પૃષ્ઠ 180
(230) એજન, પૃષ્ઠ 180
(231) એજન, પૃષ્ઠ 181
(232) એજન, પૃષ્ઠ 181
(233) એજન, પૃષ્ઠ 181
(234) એજન, પૃષ્ઠ 181
(235) એજન, પૃષ્ઠ 185
(236) એજન, પૃષ્ઠ 185
(237) એજન, પૃષ્ઠ 163
(238) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 55
(239) દુહો દસમો વેદ, પૃષ્ઠ 170

(240) એજન, પૃષ્ઠ 170
(241) એજન, પૃષ્ઠ 170
(242) એજન, પૃષ્ઠ 171
(243) એજન, પૃષ્ઠ 182
(244) એજન, પૃષ્ઠ 182
(245) એજન, પૃષ્ઠ 183
(246) એજન, પૃષ્ઠ 183
(247) એજન, પૃષ્ઠ 182
(248) એજન, પૃષ્ઠ 173
(249) એજન, પૃષ્ઠ 174
(250) ગુજરાતી કહેવત સંગ્રહ, પૃષ્ઠ 361
(251) દુહો દસમો વેદ, પૃષ્ઠ 185
(252) એજન, પૃષ્ઠ 186
(253) એજન, પૃષ્ઠ 186
(254) એજન, પૃષ્ઠ 186
(255) એજન, પૃષ્ઠ 186
(256) એજન, પૃષ્ઠ 186
(257) એજન, પૃષ્ઠ 186
(258) ગુજરાતી કહેવત સંગ્રહ, પૃષ્ઠ 358
(259) એજન, પૃષ્ઠ 358
(260) એજન, પૃષ્ઠ 358
(261) એજન, પૃષ્ઠ 358
(262) એજન, પૃષ્ઠ 358
(263) દુહો દસમો વેદ, પૃષ્ઠ 173
(264) એજન, પૃષ્ઠ 173
(265) એજન, પૃષ્ઠ 173
(266) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 12
(267) એજન, પૃષ્ઠ 13
(268) એજન, પૃષ્ઠ 16
(269) દુહો દસમો વેદ, પૃષ્ઠ 171
(270) એજન, પૃષ્ઠ 178
(271) એજન, પૃષ્ઠ 178
(272) એજન, પૃષ્ઠ 178
(273) એજન, પૃષ્ઠ 187

(274) એજન, પૃષ 187
(275) એજન, પૃષ 187
(276) એજન, પૃષ 187
(277) એજન, પૃષ 187
(278) એજન, પૃષ 187
(279) એજન, પૃષ 187
(280) એજન, પૃષ 187
(281) એજન, પૃષ 187
(282) સોરઠી દુહાની રમઝટ, પૃષ 42
(283) એજન, પૃષ 42
(284) એજન, પૃષ 42
(285) એજન, પૃષ 42
(286) એજન, પૃષ 42
(287) એજન, પૃષ 42
(288) એજન, પૃષ 43
(289) એજન, પૃષ 43
(290) એજન, પૃષ 43
(291) એજન, પૃષ 43
(292) એજન, પૃષ 43
(293) એજન, પૃષ 43
(294) ગુજરાતી કહેવત સંગ્રહ, પૃષ 340
(295) દુહો દસમો વેદ, પૃષ 22
(296) એજન, પૃષ 23
(297) એજન, પૃષ 24
(298) એજન, પૃષ 602
(299) એજન, પૃષ 602
(300) એજન, પૃષ 602
(301) એજન, પૃષ 602
(302) એજન, પૃષ 602
(303) એજન, પૃષ 603
(304) એજન, પૃષ 603
(305) એજન, પૃષ 603
(306) એજન, પૃષ 603
(307) એજન, પૃષ 603

(308) એજન, પૃષ 603
(309) એજન, પૃષ 603
(310) એજન, પૃષ 603
(311) એજન, પૃષ 604
(312) એજન, પૃષ 604
(313) એજન, પૃષ 604
(314) એજન, પૃષ 604
(315) એજન, પૃષ 604
(316) એજન, પૃષ 604
(317) એજન, પૃષ 604
(318) એજન, પૃષ 604
(319) એજન, પૃષ 605
(320) એજન, પૃષ 605
(321) એજન, પૃષ 605
(322) એજન, પૃષ 605
(323) એજન, પૃષ 605
(324) એજન, પૃષ 605
(325) એજન, પૃષ 605
(326) એજન, પૃષ 605
(327) એજન, પૃષ 606
(328) એજન, પૃષ 607
(329) એજન, પૃષ 607
(330) એજન, પૃષ 607
(331) એજન, પૃષ 607
(332) એજન, પૃષ 607
(333) એજન, પૃષ 607
(334) એજન, પૃષ 607
(335) એજન, પૃષ 608
(336) એજન, પૃષ 608
(337) એજન, પૃષ 609
(338) એજન, પૃષ 609
(339) એજન, પૃષ 608
(340) એજન, પૃષ 608
(341) એજન, પૃષ 608

(342) એજન, પૃષ 608
(343) એજન, પૃષ 610
(344) એજન, પૃષ 610
(345) એજન, પૃષ 610
(346) એજન, પૃષ 610
(347) એજન, પૃષ 610
(348) એજન, પૃષ 610
(349) એજન, પૃષ 498
(350) એજન, પૃષ 502
(351) એજન, પૃષ 502
(352) એજન, પૃષ 519
(353) એજન, પૃષ 497
(354) એજન, પૃષ 598
(355) સોરઠી દુહાની રમઝટ, પૃષ 28
(356) દુહો દસમો વેદ, પૃષ 46
(357) એજન, પૃષ 498
(358) એજન, પૃષ 519
(359) એજન, પૃષ 659
(360) એજન, પૃષ 511
(361) એજન, પૃષ 497
(362) એજન, પૃષ 537
(363) સોરઠી દુહાની રમઝટ, પૃષ 15
(364) દુહો દસમો વેદ, પૃષ 473
(365) એજન, પૃષ 499
(366) એજન, પૃષ 540
(367) એજન, પૃષ 614
(368) એજન, પૃષ 614
(369) એજન, પૃષ 614
(370) એજન, પૃષ 614
(371) એજન, પૃષ 614
(372) એજન, પૃષ 614
(373) એજન, પૃષ 614
(374) એજન, પૃષ 614
(375) એજન, પૃષ 615

(376) એજન, પૃષ્ઠ 616
(377) એજન, પૃષ્ઠ 616
(378) એજન, પૃષ્ઠ 616
(379) એજન, પૃષ્ઠ 616
(380) એજન, પૃષ્ઠ 616
(381) એજન, પૃષ્ઠ 616
(382) એજન, પૃષ્ઠ 616
(383) એજન, પૃષ્ઠ 616
(384) એજન, પૃષ્ઠ 616
(385) એજન, પૃષ્ઠ 616
(386) એજન, પૃષ્ઠ 616
(387) એજન, પૃષ્ઠ 616
(388) એજન, પૃષ્ઠ 616
(389) એજન, પૃષ્ઠ 616
(390) એજન, પૃષ્ઠ 616
(391) એજન, પૃષ્ઠ 616
(392) એજન, પૃષ્ઠ 616
(393) એજન, પૃષ્ઠ 617
(394) એજન, પૃષ્ઠ 617
(395) એજન, પૃષ્ઠ 617
(396) એજન, પૃષ્ઠ 617
(397) એજન, પૃષ્ઠ 617
(398) એજન, પૃષ્ઠ 617
(399) એજન, પૃષ્ઠ 617
(400) એજન, પૃષ્ઠ 617
(401) એજન, પૃષ્ઠ 650
(402) એજન, પૃષ્ઠ 668
(403) એજન, પૃષ્ઠ 618
(404) એજન, પૃષ્ઠ 618
(405) એજન, પૃષ્ઠ 618
(406) એજન, પૃષ્ઠ 618
(407) એજન, પૃષ્ઠ 618
(408) એજન, પૃષ્ઠ 618
(409) એજન, પૃષ્ઠ 618

(410) એજન, પૃષ્ઠ 619
(411) એજન, પૃષ્ઠ 619
(412) એજન, પૃષ્ઠ 619
(413) એજન, પૃષ્ઠ 619
(414) એજન, પૃષ્ઠ 619
(415) એજન, પૃષ્ઠ 619
(416) એજન, પૃષ્ઠ 620
(417) એજન, પૃષ્ઠ 620
(418) એજન, પૃષ્ઠ 620
(419) એજન, પૃષ્ઠ 620
(420) એજન, પૃષ્ઠ 620
(421) એજન, પૃષ્ઠ 620
(422) એજન, પૃષ્ઠ 620
(423) એજન, પૃષ્ઠ 621
(424) એજન, પૃષ્ઠ 621
(425) એજન, પૃષ્ઠ 621
(426) એજન, પૃષ્ઠ 621
(427) એજન, પૃષ્ઠ 622
(428) એજન, પૃષ્ઠ 622
(429) એજન, પૃષ્ઠ 622
(430) એજન, પૃષ્ઠ 622
(431) એજન, પૃષ્ઠ 622
(432) એજન, પૃષ્ઠ 622
(433) એજન, પૃષ્ઠ 623
(434) એજન, પૃષ્ઠ 623
(435) એજન, પૃષ્ઠ 623
(436) એજન, પૃષ્ઠ 623
(437) એજન, પૃષ્ઠ 623
(438) એજન, પૃષ્ઠ 623
(439) એજન, પૃષ્ઠ 623
(440) એજન, પૃષ્ઠ 624
(441) એજન, પૃષ્ઠ 624
(442) એજન, પૃષ્ઠ 624
(443) એજન, પૃષ્ઠ 624

(444) એજન, પૃષ્ઠ 530
(445) એજન, પૃષ્ઠ 501
(446) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 50
(447) દુહો દસમો વેદ, પૃષ્ઠ 317
(448) એજન, પૃષ્ઠ 530
(449) એજન, પૃષ્ઠ 543
(450) એજન, પૃષ્ઠ 498
(451) એજન, પૃષ્ઠ 636
(452) એજન, પૃષ્ઠ 636
(453) એજન, પૃષ્ઠ 480
(454) એજન, પૃષ્ઠ 636
(455) એજન, પૃષ્ઠ 480
(456) એજન, પૃષ્ઠ 636
(457) એજન, પૃષ્ઠ 636
(458) એજન, પૃષ્ઠ 429
(459) એજન, પૃષ્ઠ 629
(460) એજન, પૃષ્ઠ 629
(461) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 30
(462) કાઠિયાવાડી સાહિત્ય, પૃષ્ઠ 94
(463) ગુજરાતી કહેવત સંગ્રહ, પૃષ્ઠ 347
(464) દુહો દસમો વેદ, પૃષ્ઠ 635
(465) એજન, પૃષ્ઠ 635
(466) એજન, પૃષ્ઠ 635
(467) એજન, પૃષ્ઠ 635
(468) એજન, પૃષ્ઠ 635
(469) સોરઠી દુહાની રમઝટ, પૃષ્ઠ 66
(470) ગુજરાતી કહેવત સંગ્રહ, પૃષ્ઠ 339
(471) એજન, પૃષ્ઠ 339
(472) દુહો દસમો વેદ, પૃષ્ઠ 434
(473) એજન, પૃષ્ઠ 434
(474) એજન, પૃષ્ઠ 439
(475) એજન, પૃષ્ઠ 434
(476) એજન, પૃષ્ઠ 436
(477) એજન, પૃષ્ઠ 439

(478) એજન, પૃષ્ઠ 439
(479) એજન, પૃષ્ઠ 439
(480) એજન, પૃષ્ઠ 440
(481) એજન, પૃષ્ઠ 440
(482) એજન, પૃષ્ઠ 442
(483) એજન, પૃષ્ઠ 625
(484) એજન, પૃષ્ઠ 626
(485) એજન, પૃષ્ઠ 626
(486) એજન, પૃષ્ઠ 626
(487) એજન, પૃષ્ઠ 626
(488) એજન, પૃષ્ઠ 626
(489) એજન, પૃષ્ઠ 627
(490) એજન, પૃષ્ઠ 627
(491) એજન, પૃષ્ઠ 627
(492) એજન, પૃષ્ઠ 627
(493) એજન, પૃષ્ઠ 627
(494) એજન, પૃષ્ઠ 627
(495) એજન, પૃષ્ઠ 627
(496) એજન, પૃષ્ઠ 514
(497) એજન, પૃષ્ઠ 546
(498) એજન, પૃષ્ઠ 546
(499) એજન, પૃષ્ઠ 539
(500) કાઠિયાવાડી જવાહીર, પૃષ્ઠ 61
(501) એજન, પૃષ્ઠ 61
(502) કાઠિયાવાડી સાહિત્ય, પૃષ્ઠ 50
(503) એજન, પૃષ્ઠ 50
(504) દુહો દસમો વેદ, પૃષ્ઠ 432
(505) એજન, પૃષ્ઠ 433
(506) એજન, પૃષ્ઠ 435
(507) એજન, પૃષ્ઠ 439
(508) એજન, પૃષ્ઠ 439
(509) એજન, પૃષ્ઠ 629
(510) એજન, પૃષ્ઠ 629
(511) એજન, પૃષ્ઠ 630

(512) એજન, પૃષ્ઠ 432
(513) એજન, પૃષ્ઠ 637
(514) એજન, પૃષ્ઠ 637
(515) એજન, પૃષ્ઠ 637
(516) એજન, પૃષ્ઠ 637
(517) એજન, પૃષ્ઠ 637
(518) એજન, પૃષ્ઠ 636
(519) એજન, પૃષ્ઠ 436
(520) એજન, પૃષ્ઠ 441
(521) એજન, પૃષ્ઠ 441
(522) એજન, પૃષ્ઠ 441
(523) એજન, પૃષ્ઠ 441
(524) એજન, પૃષ્ઠ 640
(525) એજન, પૃષ્ઠ 640
(526) એજન, પૃષ્ઠ 640
(527) એજન, પૃષ્ઠ 640
(528) એજન, પૃષ્ઠ 640
(529) એજન, પૃષ્ઠ 640
(530) એજન, પૃષ્ઠ 640
(531) એજન, પૃષ્ઠ 640
(532) એજન, પૃષ્ઠ 640
(533) એજન, પૃષ્ઠ 640
(534) એજન, પૃષ્ઠ 640
(535) એજન, પૃષ્ઠ 641
(536) એજન, પૃષ્ઠ 641
(537) એજન, પૃષ્ઠ 641
(538) એજન, પૃષ્ઠ 641
(539) એજન, પૃષ્ઠ 641
(540) એજન, પૃષ્ઠ 641
(541) એજન, પૃષ્ઠ 641
(542) એજન, પૃષ્ઠ 641
(543) એજન, પૃષ્ઠ 641
(544) એજન, પૃષ્ઠ 641
(545) એજન, પૃષ્ઠ 641

(546) એજન, પૃષ્ઠ 480
(547) એજન, પૃષ્ઠ 480
(548) એજન, પૃષ્ઠ 438
(549) એજન, પૃષ્ઠ 442
(550) એજન, પૃષ્ઠ 638
(551) એજન, પૃષ્ઠ 638
(552) એજન, પૃષ્ઠ 638
(553) એજન, પૃષ્ઠ 638
(554) એજન, પૃષ્ઠ 638
(555) એજન, પૃષ્ઠ 638
(556) એજન, પૃષ્ઠ 638
(557) એજન, પૃષ્ઠ 511
(558) એજન, પૃષ્ઠ 643
(559) એજન, પૃષ્ઠ 643
(560) એજન, પૃષ્ઠ 441
(561) એજન, પૃષ્ઠ 441
(562) એજન, પૃષ્ઠ 442
(563) એજન, પૃષ્ઠ 629
(564) એજન, પૃષ્ઠ 630
(565) એજન, પૃષ્ઠ 637
(566) એજન, પૃષ્ઠ 637
(567) એજન, પૃષ્ઠ 637
(568) એજન, પૃષ્ઠ 480
(569) એજન, પૃષ્ઠ 629
(570) એજન, પૃષ્ઠ 638
(571) એજન, પૃષ્ઠ 638
(572) એજન, પૃષ્ઠ 638
(573) એજન, પૃષ્ઠ 638
(574) એજન, પૃષ્ઠ 629
(575) એજન, પૃષ્ઠ 440
(576) એજન, પૃષ્ઠ 440
(577) એજન, પૃષ્ઠ 440
(578) એજન, પૃષ્ઠ 639
(579) એજન, પૃષ્ઠ 639

(580) એજન, પૃષ 639
(581) એજન, પૃષ 629
(582) એજન, પૃષ 631
(583) એજન, પૃષ 497
(584) એજન, પૃષ 632
(585) એજન, પૃષ 632
(586) એજન, પૃષ 632
(587) એજન, પૃષ 632
(588) એજન, પૃષ 632
(589) એજન, પૃષ 632
(590) એજન, પૃષ 632
(591) એજન, પૃષ 521
(592) એજન, પૃષ 521
(593) એજન, પૃષ 562
(594) એજન, પૃષ 562
(595) એજન, પૃષ 562
(596) એજન, પૃષ 562
(597) એજન, પૃષ 562
(598) એજન, પૃષ 562
(599) એજન, પૃષ 563
(600) એજન, પૃષ 563
(601) એજન, પૃષ 563
(602) એજન, પૃષ 563
(603) એજન, પૃષ 563
(604) એજન, પૃષ 563
(605) એજન, પૃષ 563
(606) એજન, પૃષ 563
(607) એજન, પૃષ 645
(608) એજન, પૃષ 645
(609) એજન, પૃષ 645
(610) એજન, પૃષ 645